MANOGAT • Year-36 • Issue-19 • 10 January 2018 • Posh Vad 9, Samvat 2074 • Yugabd 5119 • Price : Rs. 5/- • Pages : 28






# मनोगत



## ૨૧મી સદીના ભવ્ય-દિવ્ય ભારત માટે
## એક જન આંદોલન ઊભું કરીએ
## વિકાસનું જન આંદોલન - પ્રગતિનું જન આંદોલન
## સામર્થ્યવાન-શક્તિશાળી ભારતનું જન આંદોલન

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે પ્રદેશ બેઠકની તસવીરો



Year - 36 • Issue - 19 • Pages-28


- મન કી બાત ૪
- રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે ત્રિપુરાના અમ્બાસામાં તથા ઉદયપુરમાં આયોજિત વિશાળ જનસભાને સંબોધિત કરી ૯
- 'સબ સમાજ કો લિયે સાથ મેં આગે હૈં બઢતે જાના'ના ભાવ સાથે સૌનો સાથ સૌનો વિકાસને સાકાર કરીએ - શ્રી વિજયભાઈ રૂપાણી ૧૧
- રાજકોટમાં શ્રી વિજયભાઈ રૂપાણીનું અદકેરું સ્વાગત ૧૨
- રાષ્ટ્રીય વિકાસના યોગદાનના સંદર્ભમાં ગુજરાત એક અગ્રગણ્ય રાજ્ય - શ્રી નીતિનભાઈ પટેલ ૧૩
- રાજ્યની સ્વનિર્ભર શાળાઓ માટે રાજ્ય સરકારે કરેલા ફી નિર્ધારણ એકટ ૧૪
- 'શ્રી કમલમ્' ખાતે પ્રદેશ બેઠક યોજાઈ ૧૫
- છેલ્લાં ત્રણ વર્ષમાં રક્ષા-સુરક્ષા સાથે સંકળાયેલી બધી જ પ્રણાલીઓમાં પરિવર્તન શરૂ થઈ ચૂક્યું છે ૧૭
- ત્રિપલ તલાક બીલ ૧૯
- ૧૨ જાન્યુઆરી : વિવેકાનંદ જન્મજયંતી ૨૦
- ગુજરાત રાજ્યનું મંત્રીમંડળ/ફાળવણી ખાતા અને ફોન નંબર ૨૪
- ભાજપ સરકારના આગવા સમાચાર ૨૬



પત્રવ્યવહાર કાર્યાલય

**મનોગત પાક્ષિક**

**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**

દીનદયાળ ભવન, જે.પી. ચોક,

ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**

E-mail : manogat.1980@gmail.com



**તંત્રી મુદ્રક પ્રકાશક :**

**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**

Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.




## તંત્રીસ્થાનેથી

### સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ

# ગુજરાતના ગ્રામ્ય જીવનને સુંદર-સ્વચ્છ અને સહયોગી બનાવવા કટિબદ્ધ બનીએ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

ગ્રામપંચાયતોની ચૂંટણીઓનું જાહેરનામું બહાર પડી ગયું છે. ગામડે-ગામડે ચૂંટણીનાં બ્યૂગલ ફૂંકાવાની શરૂઆત પણ ટૂંકા જ સમયમાં થનારી છે ત્યારે કેટલીક મહત્ત્વની બાબતો હું ધ્યાને લાવી રહ્યો છું.

(૧) સામાન્યતઃ એવું જોવા મળે છે કે, ગામડાની ચૂંટણીમાં મોટાભાગના મતદારો વૈચારિક રીતે છીછરા રાજકારણના ભરડામાં આવી જતાં હોય છે. વૈમનસ્યનો ભયાનક માહોલ બની જતો હોય છે. ત્યાં સુધી કે એક જ કુટુંબના સભ્યો પણ એકબીજા સામે કટુતાભર્યું વર્તન કરતા જોવા મળે છે.

(૨) સમગ્ર ગામ જ્ઞાતિ/પંથ/સંપ્રદાય/કોમ વગેરેમાં વહેંચાઈ જાય છે જેની નકારાત્મક અસરો લાંબા સમય સુધી ગામને અનુભવાતી હોય છે.

(૩) સામાન્યતઃ ચૂંટણી 'ગામના વિકાસ'ના બદલે અન્ય મુદા પર ચાલી જતી હોવાના કારણે ઘણી વખત કાયમી દુશ્મનાવટો ઊભી થતી હોય છે જે ગામના વિકાસને નુકસાન પહોંચાડે છે.

લોકશાહીમાં ચૂંટણી જરૂરી ચોક્કસ છે પરંતુ સર્વમતી એ સર્વશ્રેષ્ઠ બાબત છે. માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એટલા માટે જ 'સમરસ ગ્રામ'નો વિચાર આપ્યો હતો. ચૂંટણી પાછળ ખર્ચાતાં નાણાં પણ જો ગામના વિકાસ પાછળ ખર્ચાતાં થઈ જાય તો તે ગામ વિકાસનાં ફળોને ખરા અર્થમાં મેળવી શકે.

આપણા સૌ માટે 'વિકાસ' પ્રાથમિકતા છે. આપણા માટે પક્ષ કે સત્તા કરતાં પણ ગામ-શહેર-રાજ્ય-સમાજ કે રાષ્ટ્રનું હિત વધારે મહત્ત્વનું છે ત્યારે ગ્રામ્ય માનસને સર્વસહમતી તરફ લઈ જઈ ગામને પંચાયત ચૂંટણીમુક્ત કરવું તે આવશ્યક અને આવકાર્ય બાબત છે. આ દિશામાં હકારાત્મકપણે સકારાત્મક પ્રયાસ આપણે સૌએ કરવો જોઈએ.

ગ્રામ્યસ્તરની ચૂંટણીની નકારાત્મકતાના સ્થાને સર્વમતી-સહમતી થાય તે બાબત ગામના સામાજિક વાતાવરણને પણ નવી દિશા આપતું હોય છે ત્યારે ગુજરાતના ગ્રામ્ય જીવનને સુંદર-સ્વચ્છ અને સહયોગી બનાવવા કટિબદ્ધ બનીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ



## સૂર્યનો ઉત્તર અયનનો તહેવાર - મકરસંક્રાંતિ, લોહરી, માઘ-બિહુ કે પોંગલ તરીકે દેશભરમાં ઊજવાય છે

# તહેવારોનાં નામ અલગ-અલગ પરંતુ તેનું મૂળતત્ત્વ એક જ છે - પ્રકૃતિ અને કૃષિ સાથેનું જોડાણ

### સેવા પરમો ધર્મઃ

મારા પ્રિય દેશવાસીઓ,

નમસ્કાર.

'મન કી બાત'નો આ વર્ષનો આ અંતિમ કાર્યક્રમ છે અને સંયોગ જુઓ કે આજે વર્ષ ૨૦૧૭નો પણ અંતિમ દિવસ છે. આ આખું વર્ષ ઘણી બધી વાતો અમે અને તમે શૅર કરી. 'મન કી બાત' માટે તમારા ઘણા બધા પત્રો, કોમેન્ટ્સ, વિચારોનું આદાન-પ્રદાન, મારા માટે તો હંમેશાં એક નવી ઊર્જા લઈને આવે છે. કેટલાક કલાકો પછી વર્ષ બદલાઈ જશે પરંતુ આપણી વાતોનો આ ક્રમ આગળ પણ આ રીતે જ ચાલુ રહેશે. આવનારા વર્ષમાં આપણે વધુ નવીનવી વાતો કરીશું, નવા અનુભવો શૅર કરીશું. તમને બધાને વર્ષ ૨૦૧૮ની અનેક-અનેક શુભકામનાઓ. હમણાં ગત ૨૫મી ડિસેમ્બરે વિશ્વભરમાં નાતાલનો તહેવાર ધૂમધામથી મનાવાયો. ભારતમાં પણ લોકોએ ઘણા ઉત્સાહથી આ તહેવાર મનાવ્યો. ક્રિસમસના આ અવસર પર આપણે બધા ઈસા મસીહના મહાન ઉપદેશને યાદ કરીએ છીએ અને ઈશા મસીહે સૌથી વધુ જે વાત પર ભાર મૂક્યો હતો તે હતો - 'સેવાભાવ'. સેવાની ભાવનાનો સાર આપણે બાઈબલમાં પણ જોઈએ છીએ.

The son of man has come,<br>
not to be served<br>
But to serve,<br>
And to give his life, as blessing,<br>
To all humankind.

આ દર્શાવે છે કે સેવાનું માહાત્મ્ય શું છે. વિશ્વની કોઈ પણ જાતિ હશે, ધર્મ હશે, પરંપરા હશે, રંગ હશે, પરંતુ સેવાભાવ, તે સહુમાં માનવીય મૂલ્યોની એક અણમોલ ઓળખાણના રૂપમાં છે. આપણા દેશમાં 'નિષ્કામ કર્મ'ની વાત થાય છે, અર્થાત્ એવી સેવા જેમાં કોઈ અપેક્ષા ન હોય. આપણે ત્યાં તો કહેવાયું છે કે 'સેવા પરમો ધર્મઃ'. 'જીવસેવા જ શિવસેવા' અને ગુરુદેવ રામકૃષ્ણ પરમહંસ તો કહેતા હતા - શિવભાવથી જીવસેવા કરો એટલે કે સમગ્ર વિશ્વમાં આ બધાં સમાન માનવીય મૂલ્યો છે. આવો, આપણે આ મહાપુરુષોનું સ્મરણ કરીને, પવિત્ર દિવસોને યાદ કરીને આપણી આ મહાન મૂલ્યપરંપરાને નવી ચેતના આપીએ, નવી ઊર્જા આપીએ અને પોતે પણ તેને જીવવાનો પ્રયાસ કરીએ.

**એક ગુરુ, કવિ, દાર્શનિક, મહાન યોદ્ધા એવા ગુરુ ગોવિંદસિંહજીએ આ બધી ભૂમિકાઓમાં લોકોને પ્રેરિત કરવાનું કામ કર્યું**

મારા પ્રિય દેશવાસીઓ, આ વર્ષ ગુરુ ગોવિંદસિંહજીનું ૩૫૦મું પ્રકાશ પર્વનું વર્ષ પણ હતું. ગુરુ ગોવિંદસિંહજીનું સાહસ અને ત્યાગસભર અસાધારણ જીવન આપણા બધા માટે પ્રેરણાસ્રોત છે. ગુરુ ગોવિંદસિંહજીએ મહાન જીવન-મૂલ્યોનો ઉપદેશ આપ્યો અને આ જ જીવનમૂલ્યોના આધાર પર તેઓ પોતાનું જીવન જીવ્યા પણ ખરા. એક ગુરુ, કવિ, દાર્શનિક, મહાન યોદ્ધા એવા ગુરુ ગોવિંદસિંહજીએ આ બધી ભૂમિકાઓમાં લોકોને પ્રેરિત કરવાનું કામ કર્યું. તેમણે ઉત્પીડન અને અન્યાયની વિરુદ્ધ લડાઈ લડી. લોકોને જાતિ અને ધર્મનાં બંધનોને તોડવાનો ઉપદેશ આપ્યો. આ પ્રયાસોમાં તેમને વ્યક્તિગત રૂપે ઘણું બધું ગુમાવવું પણ પડ્યું, પરંતુ તેમણે ક્યારેય દ્વેષની ભાવનાને જગ્યા ન

આપી. જીવનની પ્રત્યેક પળમાં પ્રેમ, ત્યાગ અને શાંતિનો સંદેશ - કેટલી મહાન વિશેષતાઓથી ભરેલું તેમનું વ્યક્તિત્વ હતું. મારા માટે એ સૌભાગ્યની વાત રહી કે હું આ વર્ષની શરૂઆતમાં ગુરુ ગોવિંદસિંહજીની ૩૫૦મી જયંતીના અવસરે પટનાસાહિબમાં આયોજિત પ્રકાશોત્સવમાં સહભાગી થયો. આવો, આપણે બધાં સંકલ્પ લઈએ અને ગુરુ ગોવિંદસિંહજીના મહાન ઉપદેશ અને તેમના પ્રેરણાદાયી જીવનમાંથી પ્રેરણા લઈને તે મુજબ જીવનને ઢાળવાનો પ્રયાસ કરીએ.

### ૨૧મી સદીના મતદાતાના રૂપમાં સ્વાગત કરવા માટે ઉત્સુક

પહેલી જાન્યુઆરી ૨૦૧૮, અર્થાત્ આવતીકાલ, મારી દૃષ્ટિથી આ આવતીકાલનો દિવસ એક સ્પેશ્યલ દિવસ છે. તમને પણ આશ્ચર્ય થતું હશે, નવું વર્ષ આવતું રહે છે, એક જાન્યુઆરી પણ દર વર્ષે આવે છે, પરંતુ જ્યારે સ્પેશ્યલની વાત કરું છું તો સાચે જ કહું છું કે સ્પેશ્યલ છે. જે લોકો વર્ષ ૨૦૦૦માં કે તે પછી જન્મેલા છે તેઓ એક જાન્યુઆરી ૨૦૧૮થી પાત્ર મતદાતા બની જશે. ભારતીય લોકતંત્ર, ૨૧મી સદીના મતદાતાઓનું 'New India voters'નું સ્વાગત કરે છે. હું, આપણા આ યુવાઓને અભિનંદન આપું છું અને બધાને આગ્રહ કરું છું કે તમે પોતાની મતદાતાના રૂપમાં નોંધણી કરાવો. સમગ્ર હિન્દુસ્તાન તમારું ૨૧મી સદીના મતદાતાના રૂપમાં સ્વાગત કરવા માટે ઉત્સુક છે. ૨૧મી સદીના મતદાતા તરીકે તમે પણ ગૌરવ અનુભવતા હશો. તમારો મત 'New India'નો આધાર બનશે. મતની શક્તિ, લોકતંત્રમાં સૌથી મોટી શક્તિ છે. લાખો લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે 'મત' સૌથી પ્રભાવી સાધન છે. તમે માત્ર મત આપવાના અધિકારી નથી બની રહ્યા, પરંતુ તમે એ પણ નિર્ધારિત કરશો કે ૨૧મી સદીનું ભારત કેવું હોય ? ૨૧મી સદીના ભારત અંગેનાં તમારાં સપનાં કેવાં હોય ? આમ તમે પણ ૨૧મી સદીના ભારતના નિર્માતા બની શકો છો અને તેની શરૂઆત એક જાન્યુઆરીથી વિશેષ રૂપે થઈ રહી છે. અને આજે મારી આ 'મન કી બાત'માં હું, ૧૮થી ૨૫ વર્ષના ઊર્જા અને સંકલ્પથી ભરપૂર આપણા યશસ્વી યુવાઓ સાથે વાત કરવા માગું છું. હું તેમને 'New India youth' માનું છું. 'New India youth'નો અર્થ થાય છે- ઉમંગ, ઉત્સાહ અને ઊર્જા. મારો વિશ્વાસ છે કે આપણા આ ઊર્જાવાન યુવાઓના કૌશલ્ય અને તેમની તાકાતથી જ આપણું 'New India'નું સ્વપ્ન સાકાર થશે. જ્યારે આપણે નવા ભારતની વાત કરીએ છીએ ત્યારે, નવું ભારત જે જાતિવાદ, સંપ્રદાયવાદ, આતંકવાદ, ભ્રષ્ટાચારના ઝેરથી મુક્ત હોય. ગંદકી અને ગરીબીથી મુક્ત હોય. 'New India'- જ્યાં બધા માટે સમાન અવસર હોય, જ્યાં બધાની આશા-આકાંક્ષાઓ પૂરી થતી હોય. નવું ભારત જ્યાં શાંતિ, એકતા અને સદ્‌ભાવના જ આપણું પ્રેરક બળ હોય. મારું આ 'New India youth' આગળ આવે અને મંથન કરે કે કેવું બનશે New India. તેઓ પોતાના માટે પણ એક માર્ગ નિશ્ચિત કરે, જેની સાથે તેઓ જોડાયેલા છે તેમને પણ જોડે અને આ કાફલો આગળ વધતો રહે. તમે પણ આગળ વધો, દેશ પણ આગળ વધે. હું અત્યારે જ્યારે તમારી સાથે વાત કરી રહ્યો છું તો મને એક વિચાર આવ્યો કે શું આપણે ભારતના દરેક જિલ્લામાં એક મૉક પાર્લામેન્ટનું આયોજન કરી શકીએ? જ્યાં આ ૧૮થી ૨૫ વર્ષના યુવાઓ મળીને બેસે અને New India પર મંથન કરે, રસ્તા શોધે, યોજનાઓ બનાવે. કેવી રીતે આપણે આપણા સંકલ્પોને ૨૦૨૨ પહેલાં સિદ્ધ કરીશું ? કેવી રીતે આપણે એક એવા ભારતનું નિર્માણ કરી શકીએ જેનું સપનું આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ જોયું હતું ? મહાત્મા ગાંધીએ આઝાદીના આંદોલનને જન આંદોલન બનાવી દીધું હતું. મારા નવયુવાન સાથીઓ, સમયની માગ છે કે આપણે પણ ૨૧મી સદીના ભવ્ય-દિવ્ય ભારત માટે એક જન આંદોલન ઊભું કરીએ. વિકાસનું જન આંદોલન. પ્રગતિનું જન આંદોલન. સામર્થ્યવાન-શક્તિશાળી ભારતનું જન આંદોલન. હું ઇચ્છું છું કે ૧૫ ઑગસ્ટની આસપાસ દિલ્હીમાં એક મૉક પાર્લામેન્ટનું આયોજન થાય જ્યાં પ્રત્યેક જિલ્લામાંથી પસંદ કરાયેલો એક યુવા આ વિષય પર ચર્ચા કરે કે આગામી પાંચ વર્ષમાં એક New Indiaનું નિર્માણ કેવી રીતે કરી શકાય ? સંકલ્પથી સિદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ? આજે યુવાઓ માટે ઘણા બધા નવા અવસરો સર્જાયા છે. સ્કિલ ડેવલપમેન્ટથી લઈને ઈનૉવેશન અને આંત્રપ્રિન્યૉરશિપમાં આપણા યુવાઓ આગળ આવી રહ્યા છે અને સફળ થઈ રહ્યા છે. હું ઇચ્છીશ કે આ બધા અવસરોની જાણકારી આ 'New India youth'ને એક જગ્યાએ કઈ રીતે મળે અને આ અંગે કોઈ એક વ્યવસ્થા ઊભી કરવામાં આવે જેથી ૧૮ વર્ષના થતાં જ, તેમને આ દુનિયા વિશે, આ બધી બાબતો વિશે સુગમ રીતે જાણકારી પ્રાપ્ત થાય અને તેઓ આવશ્યક લાભ પણ લઈ શકે.

### NEW INDIA

મારા પ્રિય દેશવાસીઓ, ગઈ 'મન કી બાત'માં મેં તમને સકારાત્મકતાના મહત્ત્વ વિશે વાત કરી હતી. મને સંસ્કૃતનો એક શ્લોક યાદ આવે છે-

**उत्साहो बलवानार्य, नास्त्युत्साहात्परं बलम् ।**
**सोत्साहस्य च लोकेषु न किंचिदपि दुर्लभम् ॥**

તેનો અર્થ થાય છે, ઉત્સાહથી ભરપૂર એક વ્યક્તિ અત્યંત બળવાન હોય છે કારણકે ઉત્સાહથી આગળ કંઈ ન હોઈ શકે. સકારાત્મકતા અને ઉત્સાહસભર વ્યક્તિ માટે કંઈ અસંભવ નથી. અંગ્રેજીમાં પણ લોકો કહે છે- 'Pessimism leads to weakness, optimism to power'. મેં ગઈ 'મન કી બાત'માં દેશવાસીઓને અપીલ કરી હતી કે વર્ષ ૨૦૧૭ની તમારી સકારાત્મક ક્ષણો

જણાવો અને વર્ષ ૨૦૧૮નું સ્વાગત એક સકારાત્મક વાતાવરણમાં કરો. મને ઘણી ખુશી થઈ કે મોટી સંખ્યામાં લોકોએ સૉશિયલ મિડિયા પ્લેટફૉર્મ, MyGov અને NarendraModi App પર ઘણો જ સકારાત્મક પ્રતિભાવ આપ્યો, પોતાના અનુભવો જણાવ્યા. Positive India હેશટેગ (#) સાથે લાખો ટ્વીટ થયા જેની પહોંચ લગભગ દોઢસો કરોડથી પણ વધુ લોકો સુધી પહોંચી. એક રીતે સકારાત્મકતાનો જે સંચાર ભારતમાં થયો તે વિશ્વભરમાં ફેલાયો. જે ટ્વીટ્સ અને પ્રતિભાવો આવ્યાં તે સાચે જ પ્રેરણાદાયી હતાં. એક સુખદ અનુભવ હતો. કેટલાક દેશવાસીઓએ આ વર્ષના એ ઘટનાક્રમોને વહેંચ્યા છે કે, જેનો તેમના મન પર વિશેષ પ્રભાવ પડ્યો, સકારાત્મક પ્રભાવ પડ્યો. કેટલાક લોકોએ પોતાની વ્યક્તિગત ઉપલબ્ધિઓની વાત પણ શેર કરી.

- *મારું નામ મીનુ ભાટિયા છે. હું મયૂર વિહાર, પૉકેટ વન, ફેઝ વન, દિલ્લીમાં રહું છું. મારી દીકરી એમ.બી.એ. કરવા માગતી હતી. તેના માટે મને બૅન્કમાંથી લોન જોઈતી હતી જે મને ઘણી સરળતાથી મળી ગઈ અને મારી દીકરીનો અભ્યાસ ચાલુ રહ્યો.*

- *મારું નામ જ્યોતિ રાજેન્દ્ર વાડે છે. હું બોડલથી વાત કરું છું. અમારો વીમો હતો જેમાં દર મહિને એક રૂપિયાનું પ્રીમિયમ કપાતું હતું. તે મારા પતિએ કરાવ્યો હતો અને તેમનું એક અકસ્માતમાં નિધન થઈ ગયું. તે સમયે અમારી શું સ્થિતિ થઈ તે અમે જ જાણીએ. સરકારની આ મદદથી અમને ઘણો લાભ થયો અને તેનાથી હું થોડી બેઠી થઈ શકી.*

- *મારું નામ સંતોષ જાધવ છે. અમારા ગામથી, ભિન્નર ગામથી ૨૦૧૭થી નેશનલ હાઈવે પસાર થયો છે. તેના કારણે અમારી સડકો ઘણી સારી થઈ ગઈ અને વેપાર પણ વધશે.*

- *મારું નામ દીપાંશુ આહુજા, વિસ્તાર સાદતગંજ, જિલ્લો સહારનપુર, ઉત્તર પ્રદેશનો નિવાસી છું. બે ઘટનાઓ છે. એક તો આપણા ભારતીય સૈનિકો દ્વારા પાકિસ્તાનમાં કરવામાં આવેલી સર્જિકલ સ્ટ્રાઈક જેનાથી આતંકવાદનાં જે લૉન્ચિંગ પેડ હતાં- તેમને નેસ્તનાબૂદ કરી નાખવામાં આવ્યાં અને સાથેસાથે આપણા ભારતીય સૈનિકોનું ડોકલામમાં જે પરાક્રમ જોવા મળ્યું તે અતુલનીય છે.*

- *મારું નામ સતીશ બેવાની છે. અમારા વિસ્તારમાં પાણીની સમસ્યા હતી. ગયાં ૪૦ વર્ષથી અમારે આર્મીની પાઈપલાઈન પર નિર્ભર રહેવું પડતું હતું. હવે અલગથી આ પાઈપલાઈન થઈ છે - સ્વતંત્ર. તો આ બધી મોટી ઉપલબ્ધિઓ છે અમારી ૨૦૧૭માં.*

આવા અનેક લોકો છે જેઓ પોતપોતાના સ્તર પર એવાં કાર્યો કરી રહ્યાં છે જેનાથી અનેક લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવી રહ્યું છે. હકીકતમાં, આ જ તો 'New India' છે જેનું આપણે બધાં સાથે મળીને નિર્માણ કરી રહ્યાં છીએ. આવો, આ જ નાનીનાની ખુશીઓ સાથે આપણે નવા વર્ષમાં પ્રવેશ કરીએ, નવા વર્ષની શરૂઆત કરીએ અને 'Positive India'થી 'Progressive India'ની દિશામાં મજબૂત ડગ માંડીએ. જ્યારે આપણે સકારાત્મકતાની વાત કરીએ છીએ તો મને પણ એક વાત શેર કરવાનું મન થાય છે. તાજેતરમાં જ મને કાશ્મીરમાં પ્રશાસનિક સેવાના ટૉપર અંજુમ બશીર ખાન ખટ્ટકની પ્રેરણાદાયી વાત જાણવા મળી. તેમણે આતંકવાદ અને ઘૃણાના દંશની બહાર નીકળીને કાશ્મીર એડ્મિનિસ્ટ્રેટિવ સર્વિસની પરીક્ષામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. તમને એ જાણીને આશ્ચર્ય થશે ૧૯૯૦માં આતંકવાદીઓએ તેમના પૈતૃક ઘરને સળગાવી દીધું હતું. ત્યાં આતંકવાદ અને હિંસા એટલી બધી હતી કે તેમના પરિવારને પોતાની પૈતૃક જમીન છોડીને બહાર નીકળવું પડ્યું. એક નાનકડા બાળક માટે તેની ચારે તરફ આટલી બધી હિંસાનું વાતાવરણ, દિલમાં અંધકાર અને કડવાશ ઉત્પન્ન કરવા માટે પર્યાપ્ત હતું, પરંતુ અંજુમે તેવું ન થવા દીધું. તેમણે ક્યારેય આશા ન છોડી. તેમણે પોતાના માટે એક અલગ માર્ગ પસંદ કર્યો - જનતાની સેવાનો માર્ગ. તે વિપરીત પરિસ્થિતિમાંથી પાર ઊતર્યા અને સફળતાની પોતાની ગાથા પોતે લખી. આજે તેઓ માત્ર જમ્મુ અને કાશ્મીરના જ નહીં, પરંતુ સમગ્ર દેશના યુવાનો માટે પ્રેરણા બની ગયા છે. અંજુમે સાબિત કરી દીધું છે કે પરિસ્થિતિ ગમે તેટલી ખરાબ કેમ ન હોય, સકારાત્મક કાર્યો દ્વારા નિરાશાનાં વાદળોને પણ વિખેરી શકાય છે.

હમણાં ગયા અઠવાડિયે જ મને જમ્મુ-કાશ્મીરની કેટલીક દીકરીઓને મળવાનો અવસર મળ્યો. તેમનામાં જે ઉમંગ હતો, જે ઉત્સાહ હતો, જે સપનાંઓ હતાં, અને જ્યારે હું તેમને સાંભળી રહ્યો હતો, તેઓ જીવનમાં કેવા-કેવા ક્ષેત્રમાં પ્રગતિ કરવા માગે છે અને તેઓ કેટલા આશાભર્યા જીવનવાળા લોકો હતા. તેમની સાથે મેં વાતો કરી, ક્યાંય નિરાશાનું નામોનિશાન નહોતું - ઉત્સાહ હતો, ઉમંગ હતો, ઊર્જા હતી, સપનાં હતાં, સંકલ્પ હતો. એ દીકરીઓ સાથે જેટલો સમય મેં વિતાવ્યો, મને પણ પ્રેરણા મળી અને આ જ તો દેશની તાકાત છે, આ જ તો મારા યુવાઓ છે, આ જ તો મારા દેશનું ભવિષ્ય છે.

**જન-ભાગીદારીમાં એટલી કેવી તાકાત હોય છે, તેનું સબરીમાલા મંદિર પોતે જ એક ઉદાહરણ છે**

મારા પ્રિય દેશવાસીઓ, આપણા દેશના જ નહીં, જ્યારે પણ ક્યારેય વિશ્વના પ્રસિદ્ધ ધાર્મિક સ્થળોની ચર્ચા થાય છે તો કેરળના સબરીમાલા મંદિરની વાત થવી બહુ સ્વાભાવિક છે. વિશ્વપ્રસિદ્ધ આ મંદિરમાં,

ભગવાન અયપ્પા સ્વામીના આશીર્વાદ લેવા માટે દર વર્ષે કરોડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં આવે છે. જ્યાં આટલી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોય, જે સ્થાનનું આટલું મોટું માહાત્મ્ય હોય, ત્યાં સ્વચ્છતા જાળવી રાખવી એ કેટલો મોટો પડકાર હોય છે ? અને વિશેષરૂપથી એ જગ્યાએ જે પહાડો અને જંગલોની વચ્ચે આવેલી હોય, પરંતુ આ સમસ્યાને પણ સંસ્કારમાં કેવી રીતે બદલી શકાય છે, સમસ્યામાંથી બહાર આવવાનો રસ્તો પણ કેવી રીતે શોધી શકાય છે, અને જન-ભાગીદારીમાં એટલી કેવી તાકાત હોય છે, તેનું સબરીમાલા મંદિર પોતે જ એક ઉદાહરણ છે. પી. વિજયન નામના એક પોલીસ ઑફિસરે 'પુણ્યમ પુન્કવાણમ', એક કાર્યક્રમ શરૂ કર્યો અને તે કાર્યક્રમ હેઠળ સ્વચ્છતા માટે જાગૃતિનું એક સ્વૈચ્છિક અભિયાન શરૂ કર્યું અને એક એવી પરંપરા બનાવી દીધી કે જે પણ યાત્રીઓ આવે છે, તેમની યાત્રા ત્યાં સુધી પૂર્ણ નથી થતી કે જ્યાં સુધી તેઓ સ્વચ્છતાના કાર્યક્રમમાં કોઈ ને કોઈ શારીરિક શ્રમ ન કરતા હોય. આ અભિયાનમાં ન કોઈ મોટું હોય છે, ન કોઈ નાનું હોય છે. દરેક યાત્રી, ભગવાનની પૂજાનો જ એક ભાગ સમજીને કેટલોક સમય સ્વચ્છતાના માટે આપે છે, કામ કરે છે, ગંદકી હટાવવા માટે કામ કરે છે. રોજ સવારે અહીં સફાઈનું દશ્ય ઘણું જ અદ્‌ભુત હોય છે અને તમામ તીર્થયાત્રીઓ તેમાં લાગી જાય છે. કેટલીયે મોટી CELEBRITY કેમ ન હોય, કેટલોય ધનિક વ્યક્તિ કેમ ન હોય, કેટલોય મોટો ઑફિસર કેમ ન હોય, દરેક વ્યક્તિ એક સામાન્ય યાત્રીની જેમ આ 'પુણ્યમ પુન્કવાણમ' કાર્યક્રમનો ભાગ બની જાય છે, સફાઈ કરીને જ આગળ વધે છે. આપણે દેશવાસીઓ માટે આવાં કેટલાંય ઉદાહરણ છે. સબરીમાલામાં આટલું આગળ વધેલું સ્વચ્છતા અભિયાન અને તેમાં પુણ્યમ પુન્કવાણમ એ દરેક યાત્રીની યાત્રાનો હિસ્સો બની જાય છે. ત્યાં કઠોર વ્રત સાથે સ્વચ્છતાનો કઠોર સંકલ્પ પણ સાથે સાથે ચાલે છે.

**કચરા માટે reduce, re-use અને re-cycleનો સિદ્ધાંત બહુ જ ઉપયોગી સાબિત થાય છે**

મારા પ્રિય દેશવાસીઓ, ૨ ઓક્ટોબર ૨૦૧૪ પૂજ્ય બાપુની જન્મ જયંતી પર આપણે સૌએ સંકલ્પ કર્યો છે કે પૂજ્ય બાપુનું જે અધૂરું કામ છે એટલે કે સ્વચ્છ ભારત, ગંદકીથી મુક્ત ભારત. પૂજ્ય બાપુ જીવનભર આ કામ માટે ઝઝૂમતા રહ્યા, કોશિશ પણ કરતા રહ્યા. અને આપણે સૌએ નક્કી કર્યું કે જ્યારે બાપુની ૧૫૦મી જયંતી હોય તો તેમને આપણે તેમના સપનાંનું ભારત, સ્વચ્છ ભારત આપવાની દિશામાં કંઈક ને કંઈક કરીએ. સ્વચ્છતાની દિશામાં દેશભરમાં વ્યાપક સ્તર પર પ્રયાસ થઈ રહ્યા છે. ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારોમાં વ્યાપક જન-ભાગીદારીથી પણ પરિવર્તન નજરે પડી રહ્યું છે. શહેરી વિસ્તારોમાં સ્વચ્છતાના સ્તરની ઉપલબ્ધિઓની ચકાસણી કરવા માટે આગામી ૪ જાન્યુઆરી થી ૧૦ માર્ચ ૨૦૧૮ વચ્ચે દુનિયાનું સૌથી મોટું સર્વેક્ષણ - 'સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૧૮' કરવામાં આવશે. આ સર્વેક્ષણ, ચાર હજારથી પણ વધુ શહેરોમાં લગભગ ૪૦ કરોડની વસ્તીમાં કરવામાં આવશે. આ સર્વેક્ષણમાં જે તથ્યોને ચકાસવામાં આવશે તેમાં, શહેરોમાં ખુલ્લામાં શૌચથી મુક્તિ, કચરાનું કલેક્શન, કચરાને ઉઠાવીને લઈ જવા માટે પરિવહનની વ્યવસ્થા, વૈજ્ઞાનિક રીતે કચરાનું processing, behavioral change માટે કરવામાં આવતા પ્રયાસ, capacity building અને સ્વચ્છતા માટે કરવામાં આવેલા innovative પ્રયાસ અને આ કામ માટે જન-ભાગીદારી. આ સર્વેક્ષણ દરમિયાન અલગ-અલગ દળ જઈને શહેરોનું inspection કરશે. નાગરિકો સાથે વાત કરીને તેમની પ્રતિક્રિયા લેશે. સ્વચ્છતા એપના ઉપયોગનો તથા વિભિન્ન પ્રકારનાં સેવા-સ્થળોમાં સુધારાનું analysis કરશે. તેમાં એ પણ જોવામાં આવશે કે શું એવી વ્યવસ્થા શહેરો દ્વારા કરવામાં આવી છે કે જેનાથી શહેરની સ્વચ્છતા જન-જનનો સ્વભાવ બને, શહેરનો સ્વભાવ બની જાય. સ્વચ્છતા માત્ર સરકાર કરે એવું ન હોવું જોઈએ. દરેક નાગરિક અને નાગરિક સંગઠનોની પણ બહુ મોટી જવાબદારી છે. અને મારી દરેક નાગરિકને અપીલ છે કે તેઓ આવનારા દિવસોમાં જે સ્વચ્છતા સર્વે થવાનો છે તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લે. અને આપનું શહેર પાછળ ન રહી જાય, આપની ગલી-મહોલ્લો પાછળ ન રહી જાય તેનું બીડું ઝડપીએ. મને પૂરો વિશ્વાસ છે કે ઘરમાંથી સૂકો કચરો અને ભીનો કચરો અલગ કરી લીલી અને વાદળી કચરાપેટીનો ઉપયોગ, હવે તો આપની આદત બની જ ગઈ હશે. કચરા માટે reduce, re-use અને re-cycleનો સિદ્ધાંત બહુ જ ઉપયોગી સાબિત થાય છે. જ્યારે શહેરોનું ranking આ સર્વેક્ષણના આધાર પર કરવામાં આવશે ત્યારે - જો આપનું શહેર એક લાખથી વધુની વસ્તી ધરાવતું હોય તો આખા દેશના rankingમાં, અને એક લાખથી ઓછી વસ્તી ધરાવતું હોય તો ક્ષેત્રીય rankingમાં ઊંચામાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરે એ તમારું સપનું હોવું જોઈએ, આપનો પ્રયાસ હોવો જોઈએ. ૪ જાન્યુઆરી થી ૧૦ માર્ચ ૨૦૧૮, આ દરમિયાન થનારા સ્વચ્છતા સર્વેક્ષણમાં, સ્વચ્છતાની આ healthy competitionમાં આપ ક્યાંક પાછળ ન રહી જાઓ - એ દરેક નગરમાં એક સાર્વજનિક ચર્ચાનો વિષય બનવો જોઈએ. અને આપ સહુનું સપનું હોવું જોઈએ, 'અમારું શહેર - અમારો પ્રયાસ', 'અમારી પ્રગતિ - દેશની પ્રગતિ.' આવો, આ સંકલ્પ સાથે આપણે સહુ ફરીથી એકવાર પૂજ્ય બાપુનું સ્મરણ કરીને સ્વચ્છ ભારતનો સંકલ્પ લેતાં, પુરુષાર્થની પરાકાષ્ઠા કરીએ.

**આજે મુસ્લિમ મહિલાઓ, મહરમ વગર હજ પર જઈ શકે છે અને મને ખુશી છે કે આ વખતે લગભગ ૧૩૦૦ મુસ્લિમ મહિલાઓ મહરમ વગર હજ જવા માટે apply કરી ચૂકી છે**

મારા પ્રિય દેશવાસીઓ, કેટલીક વાતો એવી હોય છે કે જે જોવામાં બહુ નાની લાગે છે, પરંતુ એક સમાજના રૂપમાં આપણી ઓળખ પણ દૂરદૂર સુધી પ્રભાવ પાડનારી હોય છે. આજે મન કી બાતના આ કાર્યક્રમના માધ્યમથી હું આપની સાથે એક એવી વાત share કરવા માગું છું. અમારી જાણકારીમાં એક વાત આવી કે જો કોઈ મુસ્લિમ મહિલા હજયાત્રા માટે જવા માગે છે તો તે 'મહરમ' અથવા તેના male guardian વગર નથી જઈ શકતી. જ્યારે મેં આના વિશે પહેલી વખત સાંભળ્યું તો મેં વિચાર્યું કે આવું કેવી રીતે હોઈ શકે? આવા નિયમો કોણે બનાવ્યા હશે? આવો ભેદભાવ કેમ ? અને હું જ્યારે તેના ઊંડાણમાં ગયો તો હું હેરાન થઈ ગયો - આઝાદીનાં ૭૦ વર્ષ પછી પણ આવા restriction લગાવનારા લોકો આપણે જ હતા. દાયકાઓથી મુસ્લિમ મહિલાઓ સાથે અન્યાય થઈ રહ્યો હતો, પરંતુ તેની કોઈ ચર્ચા જ નહોતી. ત્યાં સુધી કે અનેક ઇસ્લામિક દેશોમાં પણ આ નિયમ નથી. પરંતુ ભારતમાં મુસ્લિમ મહિલાઓને આ અધિકાર પ્રાપ્ત થયો નહોતો. અને મને ખુશી છે કે અમારી સરકારે તેના પર ધ્યાન આપ્યું. અમારી Ministry of Minority Affairs એ આવશ્યક પગલાં પણ લીધાં અને આ ૭૦ વર્ષથી ચાલતી આવતી પરંપરાને નાબૂદ કરીને આ restriction ને અમે હટાવી દીધું. આજે મુસ્લિમ મહિલાઓ, મહરમ વગર હજ પર જઈ શકે છે અને મને ખુશી છે કે આ વખતે લગભગ ૧૩૦૦ મુસ્લિમ મહિલાઓ મહરમ વગર હજ જવા માટે apply કરી ચૂકી છે અને દેશના અલગ અલગ ભાગમાંથી - કેરળથી લઈને ઉત્તર સુધી મહિલાઓએ ઉત્સાહપૂર્વક હજયાત્રા કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે. અલ્પસંખ્યક બાબતોના મંત્રાલયને મેં સૂચન આપ્યું કે તેઓ એ સુનિશ્ચિત કરે કે એવી દરેક મહિલાઓને હજ જવાની અનુમતિ મળે જે એકલી apply કરી રહી છે. સામાન્ય રીતે હજયાત્રીઓ માટે lottery system છે પરંતુ હું ઇચ્છીશ કે એકલી મહિલાઓ ને આ lottery systemથી બહાર રાખવામાં આવે અને તેમને special categoryમાં મોકો આપવો જોઈએ. હું પૂરા વિશ્વાસથી કહું છું અને મારી એ દૃઢ માન્યતા છે કે ભારતની વિકાસયાત્રા, આપણી નારીશક્તિના બળ પર, તેમની પ્રતિભાના ભરોસે આગળ વધી છે અને આગળ વધતી રહેશે. આપણો નિરંતર પ્રયાસ હોવો જોઈએ કે આપણી મહિલાઓને પણ પુરુષોની બરાબર સમાન અધિકાર મળે, સમાન અવસર મળે, જેથી તેઓ પ્રગતિના માર્ગ પર એકસાથે આગળ વધી શકે.

**૨૬ જાન્યુઆરીએ વિશ્વના ૧૦ દેશોના આ મહાન નેતાઓનું એકસાથે ઉપસ્થિત રહેવું, આપણા ભારતીયો માટે ગર્વની વાત છે**

મારા પ્રિય દેશવાસીઓ, ૨૬ જાન્યુઆરી આપણા માટે એક ઐતિહાસિક પર્વ છે. પરંતુ આ વર્ષે ૨૬ જાન્યુઆરી ૨૦૧૮નો દિવસ વિશેષ રૂપથી યાદ રાખવામાં આવશે. આ વર્ષે ગણતંત્ર દિવસ સમારોહ માટે આસિઆન ના (ASEAN) તમામ દસ દેશોના નેતાઓ મુખ્ય અતિથિ તરીકે ભારત આવશે. ગણતંત્ર દિવસ પર આ વખતે એક નહીં પરંતુ દસ મુખ્ય અતિથિ હશે. આવું ભારતના ઇતિહાસમાં પહેલાં ક્યારેય નથી થયું. ૨૦૧૭, આસિઆનના દેશો અને ભારત, બંને માટે ખાસ રહ્યું છે. આસિઆન એ ૨૦૧૭માં પોતાના ૫૦ વર્ષ પૂર્ણ કર્યાં અને ૨૦૧૭માં જ આસિઆન સાથે ભારતની ભાગીદારીના ૨૫ વર્ષ પૂર્ણ થયાં છે. ૨૬ જાન્યુઆરીએ વિશ્વના ૧૦ દેશોના આ મહાન નેતાઓનું એકસાથે ઉપસ્થિત રહેવું, આપણા ભારતીયો માટે ગર્વની વાત છે.

**આપ સર્વેને નવવર્ષ ૨૦૧૮ની ખૂબ શુભેચ્છાઓ**

પ્રિય દેશવાસીઓ, આ તહેવારોની season છે. આમ તો આપણો દેશ એક પ્રકારે તહેવારોનો દેશ છે. કદાચ જ કોઈ દિવસ એવો હશે જેના નામે કોઈ તહેવાર ન લખાયેલો હોય. હમણાં આપણે સૌએ ક્રિસમસ મનાવી છે અને આગળ નવું વર્ષ આવવાનું છે. આવનારું નવું વર્ષ આપ સૌના માટે ઘણી ખુશીઓ, સુખ, સમૃદ્ધિ લઈને આવે. આપણે સૌ નવા જોશ, નવા ઉત્સાહ, નવા ઉમંગ અને નવા સંકલ્પની સાથે આગળ વધીએ, દેશને પણ આગળ વધારીએ. જાન્યુઆરીનો મહિનો સૂર્યને ઉત્તરાયણ થવાનો કાળ છે અને આ જ મહિનામાં મકર સંક્રાંતિ મનાવવામાં આવે છે. આ પ્રકૃતિ સાથે જોડાયેલું પર્વ છે. આમ તો આપણા દરેક પર્વ કોઈ ને કોઈ રીતે પ્રકૃતિ સાથે જોડાયેલાં છે પરંતુ વિવિધતાઓથી ભરેલી આપણી સંસ્કૃતિમાં પ્રકૃતિની આ અદ્ભુત ઘટનાઓને અલગ-અલગ રીતે મનાવવાની પ્રથા પણ છે. પંજાબ અને ઉત્તર ભારતમાં લોહરીનો આનંદ હોય છે, તો યુપી-બિહારમાં ખિચડી અને તલ-સંક્રાંતિની પ્રતીક્ષા રહેતી હોય છે. રાજસ્થાનમાં સંક્રાંત કહો, આસામમાં માઘ-બિહૂ અથવા તમિલનાડુમાં પોંગલ, આ દરેક તહેવાર પોતાનામાં વિશેષ છે અને તેમનું પોતાનું મહત્ત્વ છે. આ દરેક તહેવાર ૧૩થી ૧૭ જાન્યુઆરી દરમિયાન મનાવવામાં આવે છે. આ દરેક તહેવારોનાં નામ અલગ-અલગ, પરંતુ તેનું મૂળ તત્ત્વ એક જ છે - પ્રકૃતિ અને કૃષિ સાથેનું જોડાણ.

દરેક દેશવાસીઓને આ તહેવારોની ઘણી ઘણી શુભેચ્છાઓ. એક વાર ફરીથી આપ સર્વેને નવવર્ષ ૨૦૧૮ની ખૂબ શુભેચ્છાઓ.

ખૂબ-ખૂબ ધન્યવાદ દેશવાસીઓ. હવે ૨૦૧૮માં ફરી વાત કરીશું.

ધન્યવાદ.

**કૉમ્યુનિસ્ટ પાર્ટી પૂરી દુનિયામાંથી નામશેષ થઈ ગઈ છે, કોંગ્રેસ પૂરા દેશમાં ખતમ થઈ રહી છે, આવા માહોલમાં ત્રિપુરાની જનતાનો વોટ 'સૌનો સાથ-સૌનો વિકાસ'ના સિદ્ધાંત પર કામ કરનારી ભાજપાને જ મળવો જોઈએ**



# ત્રિપુરાની માણિક સરકાર સ્ટાલિનનો જન્મદિવસ તો ઊજવી રહી છે, પરંતુ વિવેકાનંદ જયંતીને ઊજવતી નથી. મહાન સ્વાતંત્ર્યસેનાની સુભાષચંદ્ર બોઝનો જન્મદિવસ નથી ઊજવતી

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે ત્રિપુરાના અમ્બાસામાં તથા ઉદયપુરમાં આયોજિત વિશાળ જનસભાને સંબોધિત કરી હતી અને રાજ્યની જનતાને ભ્રષ્ટાચારી, દમનકારી અને વિકાસને અવગણનારી કૉમ્યુનિસ્ટ પાર્ટીની માણિક સરકારને ઉખાડી ફેંકી દઈ જનતા પાર્ટીની વિકાસોન્મુખ તથા લોકકલ્યામકારી સરકાર બનાવવાની અપીલ કરી હતી.

ભાજપા અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે આ રેલીમાં ઊમટેલા માનવ-મહેરામણથી એ સ્પષ્ટ દેખાય છે કે જનતાએ રાજ્યમાં ભાજપની સરકાર બનાવવાનો સ્પષ્ટ નિર્ણય લઈ લીધો છે. તેમણે કહ્યું કે આપણે ત્રિપુરામાં કેરળના મુખ્યમંત્રી, મંત્રી અથવા વિધાયક બદલવા પૂરતું પરિવર્તન લાવવા નથી ઈચ્છતા, પરંતુ અમે ત્રિપુરાની ગરીબ જનતામાં વ્યાપક સુધારાવાદી પરિવર્તન લાવવા ઈચ્છીએ છીએ. તેમણે કહ્યું કે ત્રિપુરામાં છેલ્લાં ૨૫ વર્ષોથી કોમ્યુનિસ્ટ પાર્ટીનું શાસન રહ્યું છે, પરંતુ ત્રિપુરામાં હજુ સુધી કોઈ વિકાસ થયો નથી. તેમણે કહ્યું કે કોઈ પણ રાજ્ય માટે ૨૫ વર્ષનો સમય ખૂબ મોટો હોય છે. ૨૫ વર્ષ સુધી ત્રિપુરાની પ્રજાએ સીપીએમને પસંદ કરી છે, પણ ૨૫ વર્ષ પછી પણ રાજ્યનાં દરેક ઘરમાં વીજળી ઉપલબ્ધ નથી, ગામડાંઓના રસ્તા સડક સુધી બનાવવામાં આવ્યા નથી, ઈસ્પિતાલોમાં સમુચિત સગવડો ઉપલબ્ધ નથી, યુવાનો પાસે રોજગાર નથી, મહિલાઓ સુરક્ષિત નથી અને ખેડૂતોને તેમના પાક-ઉત્પાદનના વાજબી દામ પણ મળતા નથી. આખરે ૨૫ વર્ષ સુધી માણિક સરકારે કર્યું શું ? તેમણે કહ્યું કે એવું નથી કે માણિક સરકારે ૨૫ વર્ષમાં કાંઈ જ કર્યું નથી, તેમણે રોજવેલી ચીટફંડમાં કરોડોના ગોટાળા કર્યા છે, ત્રિપુરાની ગરીબ પ્રજાની પરસેવાની કમાણી લૂંટી છે, હિંસાનું તાંડવ ફેલાવ્યું છે અને વ્યવસ્થિત કેડરની દાદાગીરીથી અહીં લોકતંત્રનું ગળું ટૂંપવાનું કામ કર્યું છે.

તેમણે કહ્યું કે ત્રિપુરામાં દરરોજ સરેરાશ ૫ મહિલાઓ વિરુદ્ધ ગુનાઓ થતા હોય છે, જેમાંથી ૨ ગુના બળાત્કાર અંગેના હોય છે. આનાથી એ સ્પષ્ટ થાય છે કે ત્રિપુરામાં કાનૂન-વ્યવસ્થા કેટલી હદે કથળેલી છે. તેમણે કહ્યું કે અપરાધ કરનારા લોકોને રાજ્ય સરકાર દ્વારા રક્ષણ અને પોષણ મળે છે, એટલા માટે માણિક સરકાર તેમની વિરુદ્ધ કોઈ કાર્યવાહી નથી કરતી. તેમણે કહ્યું કે ત્રિપુરાની માતાઓ-બહેનોની આ બદતર સ્થિતિમાંથી તેમને ઉગારવા માટે અમે ભાજપાની સરકાર લાવવા ઈચ્છીએ છીએ.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે રાજ્યની આરોગ્યસેવાઓ બેહાલ છે. જ્યાં ઈસ્પિતાલ છે, ત્યાં ડૉક્ટર નથી હોતા, નર્સ નથી હોતી, સસ્તી

દવાઓની દુકાન નથી. ત્રિપુરામાં ૨૫ વર્ષના સીપીએમના શાસન પછીની આ સ્થિતિ છે. તેમણે કહ્યું કે આખો દેશ મેલેરિયાથી મુક્ત થઈ ચૂક્યો છે, પરંતુ ત્રિપુરામાં આજે પણ મેલેરિયાથી મૃત્યુ થતાં હોય છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી



નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકારે ત્રિપુરામાં મેલેરિયાનાબૂદી માટે તથા બહેતર સ્વાસ્થ્ય-સુવિધા માટે રૂ. ૧૩૦ કરોડની રકમ આપવાનું સ્વીકાર્યું છે પરંતુ ત્રિપુરાની માણિક સરકાર આ માટે કોઈ યોજના લઈને હજુ સુધી કેન્દ્ર સરકાર પાસે આવી નથી.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ કહ્યું કે ત્રિપુરાની સીપીએમ સરકાર ભ્રષ્ટાચારમાં આકંઠ ડૂબેલી છે. તેમણે કહ્યું કે હાઈકોર્ટે રાજ્ય સરકારને ચીટફંડ ગોટાળાની તપાસ સીબીઆઈ દ્વારા કરાવવાનો આદેશ આપ્યો, પરંતુ માણિક સરકારે તેની ના પાડી દીધી. તેમણે કહ્યું કે રાજ્યની સીપીએમ સરકારને લાગે છે કે સીબીઆઈ દ્વારા તપાસ રોકવાથી બચી જઈશું, પરંતુ હું બતાવવા માગું છું કે ત્રિપુરાની સીપીએમ સરકારનાં વળતાં પાણી વહેવા લાગ્યાં છે. માર્ચ મહિનામાં અહીં નિશ્ચિત રૂપે ભાજપાની સરકાર બનશે. તેમણે કહ્યું કે ચાહે રોજવેલી ચીટફંડનો મામલો હોય કે ભ્રષ્ટાચારના અન્ય મામલા હોય, રાજ્યમાં બનનારી ભાજપા સરકાર દોષિતોને સજા અપાવીને તેમને જેલના સળિયા પાછળ ધકેલવાનું કામ જરૂર કરશે. અમે કોઈને છોડીશું નહીં. તેમણે કહ્યું કે ત્રિપુરાના મુખ્યમંત્રી ચીટફંડ ગોટાળાના દોષિતોને છાવરે છે, કારણ કે જો તેઓ ચીટફંડના ગુનેગારોને પકડવાની શરૂઆત કરે તો પૂરેપૂરું મંત્રીમંડળ જેલમાં જોવા મળે.

ભાજપા અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે કહ્યું કે ત્રિપુરાની સીપીએમ સરકાર પોતાના સાંસ્કૃતિક ગૌરવને પણ હીણું બનાવવાનું કામ કરી રહી છે. તેમણે કહ્યું કે ત્રિપુરાની માણિક સરકાર સ્ટાલિનનો જન્મદિવસ તો ઊજવી રહી છે, પરંતુ વિવેકાનંદ જયંતીને ઊજવતી નથી. મહાન સ્વાતંત્ર્યસેનાની સુભાષચંદ્ર બોઝનો જન્મદિવસ નથી ઊજવતી. અગરતલા એરપોર્ટને ત્રિપુરાના મહારાજનું નામાભિધાન નથી કરતી. હકીકતમાં ત્રિપુરાની સીપીએમ સરકાર પાસે આનો કોઈ જવાબ નથી. તેમણે કહ્યું કે ભાજપા ત્રિપુરામાં એવી સરકારની સ્થાપના કરવા માગે છે જે ત્રિપુરાની મહાન પરંપરાઓને, તેની સંસ્કૃતિને, રાજ્યના મહાનાયકોને અને જનનાયકોને સન્માન આપવાનું કામ કરશે.

તેમણે કહ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદી પૂરા નોર્થ-ઈસ્ટની ઓર્ગેનિક ખેતીને એગ્રો પ્રોડક્ટના માધ્યમથી વિકસિત કરવાનું કામ કરવા ઇચ્છે છે, પરંતુ ત્રિપુરા સરકાર પ્રધાનમંત્રીને સમર્થન આપતી નથી અને પ્રદેશને વિકસિત થવા દેતી નથી. તેમણે કહ્યું કે રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બનતાં ઓર્ગેનિક ખેતી માટે અદ્યતન સાધનો તથા વાતાવરણ પ્રાપ્ત કરાવવામાં આવશે, જેથી અહીંના ખેડૂતોની આવકમાં વધારો થઈ શકે. તેમણે કહ્યું કે અમે જૂટ અને રબરને એક સંસાધનના રૂપમાં તથા આવકના બહેતર સ્રોતના રૂપમાં વિકસિત કરવાનું કામ કરીશું.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે ત્રિપુરામાં આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં ત્રણ પાર્ટીઓ ચૂંટણી લડવાની છે. એક છે કોમ્યુનિસ્ટ પાર્ટી, બીજી છે કોંગ્રેસ પાર્ટી અને ત્રીજી છે ભારતીય જનતા પાર્ટી. તેમણે કહ્યું કે કૉમ્યુનિસ્ટ પાર્ટી પૂરી દુનિયામાંથી નામશેષ થઈ ગઈ છે, કોંગ્રેસ પૂરા દેશમાં ખતમ થઈ રહી છે, આવા માહોલમાં ત્રિપુરાની જનતાનો વોટ 'સૌનો સાથ-સૌનો વિકાસ'ના સિદ્ધાંત પર કામ કરનારી ભાજપાને જ મળવો જોઈએ. તેમણે 'ચલો પલટાઈ પરિવર્તન કરના હૈ, સીપીએમ સરકાર કો ઉખાડ ફેંકના હૈ'નો નારો આપીને કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જનતા પાર્ટી ત્રિપુરાના વિકાસ માટે કટિબદ્ધ છે. અમે ત્રિપુરાને વિકસિત રાજ્યોની હરોળમાં મૂકવા માગીએ છીએ.

**નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સમાજ દ્વારા ૧૦ લાખ યુવાનોને સમાજસેવાથી રાષ્ટ્રસેવા માટે પ્રેરિત કરવાના આ મહાઅભિયાનને સફળતાની શુભેચ્છા પાઠવી હતી**



## ‘સબ સમાજ કો લિયે સાથ મેં આગે હૈં બઢતે જાના’ના ભાવ સાથે સૌનો સાથ સૌનો વિકાસને સાકાર કરીએ - શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સમાજસેવાથી રાષ્ટ્રસેવા દ્વારા શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે સૌ સમાજવર્ગોને સૌનો સાથ સૌનો વિકાસ ભાવથી પ્રેરિત થવાનું આહ્વાન કર્યું છે.

તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, સમાજ સમાજ વચ્ચે અંતર ઘટાડી હર કોઈ શિક્ષિત-દીક્ષિત-રોજગાર પ્રાપ્ત બને પીડિત-શોષિત-વંચિત પ્રત્યેકને વિકાસના અવસર મળે તે માટે સમાજવર્ગોમાં રચનાત્મક અભિગમ આવશ્યક છે.

મુખ્યમંત્રીશ્રીએ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ તેમજ દેશ-દુનિયાના પાટીદાર અગ્રણીઓની ઉપસ્થિતિમાં ગ્લોબલ પાટીદાર સમિટ-૨૦૧૮નો મહાત્મા મંદિર ખાતે પ્રારંભ કરાવ્યો હતો.

શ્રી વિજયભાઈ રૂપાણીએ સરદાર ધામ વિશ્વ પાટીદાર કેન્દ્ર દ્વારા યોજાયેલી આ ગ્લોબલ પાટીદાર સમિટનો સંકલ્પ, સમાજકલ્યાણ-ઉત્થાનનું વ્રત ૧૦૦ ટકા સફળ થશે તેવો વિશ્વાસ દર્શાવતાં કહ્યું કે, અન્ય સમાજ વર્ગો માટે પણ સમાજસેવાથી રાષ્ટ્રસેવાનો પથ આ સમિટ દર્શાવશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, પાટીદાર સમાજ પ્રામાણિક, પરિશ્રમી અને વિકાસને સમર્પિત સમાજ છે. તેમણે ઉમેર્યું કે, ખેતી જેવો પરિશ્રમી વારસો ધરાવતો પાટીદાર સમાજે હવે બદલાયેલા સમય સાથે ચાલીને યુવાવર્ગોને ઉદ્યોગ-સ્વરોજગાર અને સરકારની સેવાઓમાં ભરતી માટે તૈયાર કરવાનું અભિયાન ઉપાડ્યું છે તે યુવાનોને જોબ સીકર નહિ, જોબ ગીવર બનાવશે જ.

શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની વિકાસયાત્રાના પાયામાં પાટીદાર સમાજના પ્રદાનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ઉદ્યોગ સાહસિકતા, નવું સાહસ કરવાની હિંમત, જોશ અને ધગશને પરિણામે જ આ સમાજ MSME, મેન્યુફેકચરીંગ સેકટર, જેવા ઉદ્યોગક્ષેત્રે મહત્ત્વનો હિસ્સો ધરાવે છે.

તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકાર પણ આવા સમાજસેવા કાર્યમાં પ્રોત્સાહન પૂરું પાડશે. ‘‘સબ સમાજ કો લિયે સાથ મેં આગે હૈં બઢતે જાના’’ના ભાવ સાથે યુવાનોને કામ-યોગ્ય સન્માન અને સ્થાન આપી ગાંધી-સરદારના ગુજરાતને ગૌરવ પ્રતિષ્ઠા અપાવવા મુખ્યમંત્રીશ્રીએ આવી સમિટના આયોજનને બિરદાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સાચા અર્થમાં સર્વગ્રાહી વિકાસથી ‘‘ચલો જલાયે દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ’’નો મંત્ર સૌ સમાજ-વર્ગો સરકાર સાથે મળીને પાર પાડશે તેવી મનસા વ્યક્ત કરી હતી.

આ અવસરે પંચામૃતશક્તિ યોજના અન્વયે મુખ્યમંત્રીશ્રી-નાયબ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં નવયુવકોને નવા ઉદ્યોગ સ્થાપવા, સ્વરોજગાર. ઉચ્ચ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું માર્ગદર્શન વગેરે માટેના ૧૦ જેટલા MoU કરવામાં આવ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ગ્લોબલ પાટીદાર સમિટ વિશ્વભરના પાટીદાર પરિવારોનો સેતુ બની છે તેનો હર્ષ વ્યક્ત કર્યો હતો. આ સમિટથી સમાજના યુવાનોને ઉદ્યોગ-શિક્ષણ-સ્વરોજગારી ક્ષેત્રે વૈશ્વિક જોડાણની તક મળશે તેમ તેમણે જણાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સમાજ દ્વારા ૧૦ લાખ યુવાનોને સમાજસેવાથી રાષ્ટ્રસેવા માટે પ્રેરિત કરવાના આ મહાઅભિયાનને સફળતાની શુભેચ્છા પાઠવી હતી.

**બીજી વખત મુખ્યમંત્રી બન્યા બાદ રાજકોટમાં પ્રથમ વખત આવેલા શ્રી વિજયભાઈ રૂપાણીનું અદકેરું સ્વાગત**



# ગુજરાતની જનતાની અપેક્ષા, આશા અને આકાંક્ષા મુજબ વિકાસ કરાશે - મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

રાજકોટ તા. ૩૧ ડિસેમ્બર, બીજી વખત મુખ્યમંત્રી બન્યા બાદ પ્રથમ વખત શ્રી વિજયભાઈ રૂપાણી હોમટાઉન રાજકોટમાં પધારતાં રાજકોટની જનતા અને ભાજપાના કાર્યકર્તાઓએ તેમનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. લોકોની મેદનીની વચ્ચે જઈને મુખ્યમંત્રીશ્રીએ લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રાજકોટની જનતાએ જંગી લીડથી તેમને વિજેતા બનાવ્યા તે બદલ રાજકોટની જનતાનો આભાર માની આ ઋણ ભૂલીશ નહીં તે અંગે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

રાજકોટ શહેર ભાજપ દ્વારા આયોજિત અભિવાદન કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજકોટની ચાર બેઠકો ભાજપાને મળી છે તે દર્શાવે છે કે લોકોનો વિશ્વાસ અવિરત રહ્યો છે. ગુજરાતનો વિકાસ પણ પુરપાટ ઝડપે થશે. ૨૨ વર્ષ ગુજરાતમાં ભાજપે સુશાસન કર્યું છે અને સતત છઠ્ઠી વખત ગુજરાતમાં ભાજપાની સરકાર બની છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત એ જ દિશામાં તે જ ગતિથી વિકાસ કરશે અને તેમાં કોઈ પાછી પાની કરવામાં નહીં આવે તેમ જણાવ્યું હતું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ વિશ્વમાં તેજ ગતિએ પ્રગતિ કરી રહ્યો છે અને વર્ષ- ૨૦૧૯માં શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફરી વડાપ્રધાન બનાવીને રાષ્ટ્રને ઉન્નતિના માર્ગે આગળ લઈ જઈએ તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.


રાજકોટના એરપોર્ટ ગ્રાઉન્ડમાં મુખ્યમંત્રીશ્રીના સ્વાગત માટે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને મહિલાઓ સહિત સિનિયર સિટીઝનો ઊમટી પડ્યાં હતા. યુવાનોએ રાજકોટ કા બેટા ગુજરાત કા બેટાનો નારો લગાવી ગુજરાતનો વિકાસ આગળ વધશે તે અંગે વિજયોત્સવ ઊજવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની જનતાની સેવામાં કાર્યકર્તાઓ પણ લાગી જાય તેમ જણાવ્યું હતું.

ગુજરાતના લોકો વિકાસની રાજનીતિમાં વિશ્વાસ કરે છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ૧૯૮૮થી કોંગ્રેસને જનતાએ સત્તાથી દૂર કરી દીધી છે. વધુ એક વખત ભાજપા પર લોકોએ વિશ્વાસ મૂકી સત્તા સોંપી છે એટલે હવે ગુજરાત નંબર-૧ બનશે અને દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત જળવાઈ રહેશે તેમ પણ કહ્યું હતું.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ગુજરાત મ્યુનિ.ફાયનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, શ્રીમતી અંજલિબેન રૂપાણી, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્યો શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી લાખાભાઈ સોરઠિયા, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માકડ, શ્રી જીતુભાઈ કોઠારી, શ્રી કિશોરભાઈ રાઠોડ, શ્રી જ્યોતિન્દ્રભાઈ મહેતા, મેયર ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય, ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના ઉપાધ્યક્ષ શ્રી રાજુભાઈ ધ્રુવ, શ્રી ભીખાભાઈ વસોયા, શ્રી કાશ્મીરાબેન નથવાણી, ડૉ. દેશાણી, શ્રી પ્રદીપભાઈ ડવ, શ્રી અશોકભાઈ ડાંગર, શ્રી મયૂરભાઈ શાહ, શ્રી જનકભાઈ કોટક સહિત શહેરના ભાજપના પદાધિકારીઓ, રાજકોટ શહેરના તમામ ૧૮ વૉર્ડના હોદ્દેદારો, કાર્યકર ભાઈ-બહેનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રારંભમાં સ્વાગત પ્રવચન શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણીએ કર્યું હતું. મણિદીપ સાંદીપનિ સંસ્થાના ઋષિકુમારોએ દેવપાઠ-મંત્રોચ્ચાર કરી સ્વાગત કર્યું હતું. પૂજ્ય ભાઈશ્રી વતી મુખ્યમંત્રીશ્રીને આશીર્વાદ પાઠવ્યા હતા.

**ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો સતત ૨૦ ટકા ફાળો રહ્યો છે**



# રાષ્ટ્રીય નિકાસના યોગદાનના સંદર્ભમાં ગુજરાત એક અગ્રગણ્ય રાજ્ય - શ્રી નીતિનભાઈ પટેલ

ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે દિલ્હી ખાતે વાણિજ્ય વિકાસ અને પ્રમોશન કાઉન્સિલની મળેલ ત્રીજી બેઠકને સંબોધતાં જણાવ્યું હતું કે ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો સતત ૨૦ ટકા ફાળો રહ્યો છે અને રાષ્ટ્રીય નિકાસના યોગદાનના સંદર્ભમાં ગુજરાત એક અગ્રગણ્ય રાજ્ય છે.

કેન્દ્રીય મંત્રીશ્રી સુરેશ પ્રભુના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકને સંબોધતાં શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું હતું કે, સને ૨૦૧૬-૧૭માં ગુજરાતની નિકાસ રૂા.૩.૫ લાખ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૧૭-૨૦૧૮ (એપ્રિલથી નવેમ્બર)ના પ્રથમ આઠ મહિનામાં ગુજરાતમાંથી કુલ નિકાસ રૂા.૨ લાખ કરોડ છે.

પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ, ઈનોર્ગેનિક અને ઓર્ગેનિક કેમિકલ્સ, ડાયમન્ડસ, ફાર્માસ્યુટિકલ્સ, કેસ્ટર ઑઈલ, મગફળી અને કપાસની નિકાસમાં ગુજરાત ટોચનાં રાજ્યોમાં છે, તે મોટા ગૌરવની વાત છે.

આ ઉપરાંત એન્જિનિયરિંગ અને કેપિટલ ગુડ્સ, પ્લાસ્ટિક, કોટન ફેબ્રિક્સ, ખાતર, કૃષિપેદાશો, મરીન પ્રોડક્ટસ અને ડેરી ઉત્પાદનોમાં ગુજરાત રાજ્ય અગ્રગણ્ય નિકાસકાર છે.

નિકાસની વ્યૂહરચનાના અમલીકરણ અને રાજ્યમાં નિકાસકારોની મુશ્કેલીઓના ઉકેલ લાવવા રાજ્ય સરકારે જે અનેકવિધ પગલાં લીધાં છે તેની માહિતી આપતાં શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે નિકાસ કમિશનરની નિમણૂક કરી છે તેમ જ કૃષિ વિભાગ દ્વારા 'નિકાસ પ્રમોશન સેલ' શરૂ કરવાની યોજના છે, જે નિકાસકારોને માર્ગદર્શન અને મદદ આપવા માટે, રાજ્યના તમામ જિલ્લાઓમાં મદદ કરશે.

આ બેઠકમાં નિકાસ વધારવા માટે સૂચનો કરતાં શ્રી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં લેબર ઈન્સેન્ટિવ ઈન્ડસ્ટ્રીઝ જેવી કે, ટેક્ષટાઈલ, ફૂડ પ્રોસેસીંગ અને એન્જિનિયરીંગ ગુડ્સ કે જે નોંધપાત્ર રીતે વધુ રોજગારી આપે છે, તેના માટે Merchandise Exports From India Scheme હેઠળની સહાયમાં ભારત સરકારે ૧ થી ૨ ટકાનો વધારો કરવો જોઈએ.

શ્રી નીતિનભાઈએ વેરાવળ ખાતે મરીન પ્રોડક્ટ્સ ટેસ્ટિંગ લેબોરેટરીની સ્થાપના કરવાની માંગણી કરતાં જણાવ્યું હતું કે ગુજરાતમાંથી માછલીઓનું મોટા પ્રમાણમાં ઉત્પાદન છે અને નિકાસ પણ મોટા પ્રમાણમાં થતી હોઈ મરીન પ્રોડક્ટ્સ ટેસ્ટીંગ લેબોરેટરી ઉપયોગી સાબિત થશે.

આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે ગુજરાત સરકારે ખેડૂતોની આવક બમણી કરવાની નેમ લીધી છે તેથી કૃષિને લગતી ચીજ-વસ્તુઓની નિકાસમાં ભારત સરકાર વધુમાં વધુ પ્રોત્સાહન આપે તેવી રજૂઆત તેમણે બેઠકમાં કરી હતી.

કેન્દ્ર સરકાર ખેડૂતો માટે જે મીનીમમ સપોર્ટ પ્રાઈઝ નક્કી કરે છે અને જે ખર્ચ કરે છે તેની સાથે ખેડૂતો તેમની પ્રોડક્ટ્સની જે નિકાસ કરે છે તેમને પ્રોત્સાહન આપવા માટે સબસીડી આપવી જોઈએ જેથી ખેડૂતો અને ભારત સરકાર બંનેને ફાયદો થશે તેવું તેમણે સૂચન કર્યું હતું.

આ પ્રકારનાં પ્રોત્સાહનોમાં વધારો કરવાથી નિકાસ સ્પર્ધાત્મક થશે જે ઉત્પાદનની કાર્યક્ષમતા તેમ જ વધુ રોજગારીમાં પરિણમશે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ ઉપરાંત શ્રી નીતિનભાઈ પટેલે તમામ નિકાસ કરતી ચીજ-વસ્તુઓ અને ખાસ કરીને કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગોની નિકાસમાં વૃદ્ધિ માટે ભારત સરકારને પ્રોત્સાહનો વધારવા વિનંતી કરી હતી.

એમએસએમઈ એકમો જે નિકાસ કરે છે તેમને જી.એસ.ટી.નું રીફંડ અગ્રતાના આધારે મળે તે માટે પણ શ્રી પટેલે વિનંતી કરી હતી.

**રાજયની સ્વનિર્ભર શાળાઓ માટે રાજય સરકારે કરેલા ફી નિર્ધારણ એકટને નામદાર હાઈકોર્ટે મંજૂરીની મહોર મારી**



# મનફાવે તેમ ફી વસૂલ કરીને કોઈ શાળા સંચાલક દ્વારા સમાજને અન્યાય કરવામાં આવશે તો રાજય સરકાર તે અન્યાય સહન કરી લેશે નહીં અને વાલીઓને પૂરતો ન્યાય આપશે - ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

રાજયની સ્વનિર્ભર શાળાઓ માટે રાજય સરકારે કરેલા ફી નિર્ધારણ એકટને નામદાર હાઈકોર્ટે મંજૂરીની મહોર મારી છે ત્યારે આ અંગે નામદાર સુપ્રીમ કોર્ટમાં ગુજરાત સરકાર નાતાલનુ વેકેશન પૂર્ણ થયે તુર્ત જ કેવીએટ દાખલ કરશે.

ફી નિર્ધારણ એકટની અમલની દિશામાં શિક્ષણ વિભાગ ઝડપભેર આગળ વધી રહ્યો છે. ફી નિર્ધારણ અંગેના કાયદા અંગે નામદાર હાઈકોર્ટના ચુકાદાના પગલે ફી નિર્ધારણ એકટની જોગવાઈઓ મુજબ ચાલુ વર્ષ અર્થાત્ ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક સત્રમાં જ ફી નિર્ધારણ અંગેના કાયદાઓનો જે તે શાળા દ્વારા અમલ થાય તે અંગે સત્વરે કાર્યવાહી કરવા રાજયના જિલ્લા શિક્ષણાધિકારી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સૂચના આપી છે.

સ્વનિર્ભર શાળાઓ માટે એફ.આર.સી. કમિટી દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ શૈક્ષણિક ફી અંગે જયારે નામદાર હાઈકોર્ટે પણ રાજય સરકારની તરફેણમાં સ્પષ્ટ ચુકાદો આપી દીધો છે ત્યારે હવે સ્વનિર્ભર શાળાઓ તે મુજબ જ વાલીઓ પાસેથી ફી વસૂલ કરે તે અંગે સત્વરે જરૂરી કાર્યવાહી કરવા અને એકટ સંબંધી જે તે જોગવાઈઓ અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવા ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં જિલ્લા શિક્ષણાધિકારી, અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સ્પષ્ટપણે શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ફી નિર્ધારણ કમિટી દ્વારા નક્કી કરાયેલ જે તે શાળાની ફી કરતાં વધુ ફી જો કોઈ શાળાએ વસૂલ કરી હશે તો તેને વર્ષ ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક સત્રથી એટલે કે ચાલુ શૈક્ષણિક સત્રમાં જ જે તે શાળાના સંચાલકોએ લીધેલી ફી વાલીઓને સરભર કરવાની રહેશે.

રાજયની કેટલીક શાળાઓએ એફ.આર.સી. સમક્ષ ફી નિર્ધારણ અંગે કરેલી દરખાસ્ત બાદ સુનાવણીઓની પ્રક્રિયા દરમિયાન સમજણપૂર્વક રૂ.૨૦૦૦ થી રૂ.૧૦,૦૦૦, રૂ.૧૦,૦૦૦થી વધુ શૈક્ષણિક ફીમાં ઘટાડો કર્યો છે તેવી શાળાઓને શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અભિનંદન પણ આપ્યાં હતાં. એ સાથે જ આવી શાળાઓ દ્વારા ઘટાડાયેલ ફી મુજબ જ શૈક્ષણિક ફી વાલીઓ પાસેથી વસૂલાય તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, શાળા સંચાલકોએ તેમની હાલની શૈક્ષણિક ફીનું વાજબીપણું સિદ્ધ કરવાની તક આપવામાં જ આવી છે એ અર્થમાં શાળા સંચાલકોને અન્યાય નહીં કરાય. પરંતુ તેની સાથોસાથ મનફાવે તેમ ફી વસૂલ કરીને કોઈ શાળા સંચાલક દ્વારા સમાજને અન્યાય કરવામાં આવશે તો રાજય સરકાર તે અન્યાય પણ સહન કરી લેશે નહીં અને વાલીઓને પૂરતો ન્યાય આપશે. જયારે ફી નિયમન અંગે રાજય સરકાર ચુસ્તપણે અમલ કરવાની દિશામાં આગળ વધી રહી છે ત્યારે વાલીઓ પણ હવે ધીરજ અને સંયમથી કામ લે તેવી અપીલ પણ શિક્ષણમંત્રીશ્રીએ વાલીઓને કરી હતી.

ડૉ. હર્ષદ પટેલ



**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે પ્રદેશ બેઠક યોજાઈ**



## ગુજરાતમાં સતત ૨૨ વર્ષ બાદ ફરીથી પાંચ વર્ષ માટેનો ભાજપાને મેન્ડેટ આપવા બદલ ગુજરાતની જનતાનો આભારી છું, લોકોની આશાઓ અને અપેક્ષાઓ પૂર્ણ કરવાની આપણી જવાબદારી છે - શ્રી વિજયભાઈ રૂપાણી

ભાજપા પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્'' ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તથા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ હોદ્દેદારો તેમજ જિલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ, પ્રમુખ/મહામંત્રીશ્રીઓ અને નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓના ઈન્ચાર્જશ્રીઓની બેઠક યોજાઈ હતી. દીપપ્રાગટ્ય તેમજ ''વંદે માતરમ્''ના ગાન સાથે બેઠકની શરૂઆત થઈ હતી.

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના પ્રેરક ઉદ્‌બોધનમાં સૌ કાર્યકર્તાઓને અભિનંદન આપતાં જણાવ્યું હતુ કે, ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીઓ પૂર્ણ થયા પછી પાંચ વર્ષની નવી ઈનીંગ રમવા માટે આપણે સૌ કાર્યરત થયા છીએ. સામાન્ય રીતે અનેક રાજ્યોમાં દર પાંચ વર્ષે સરકારો બદલાય છે. જ્યારે ગુજરાતમાં સતત ૨૨ વર્ષ બાદ ફરીથી પાંચ વર્ષ માટેનો મેન્ડેટ ગુજરાતની જનતાએ ભાજપાને આપ્યો છે ત્યારે, લોકોની આશાઓ અને અપેક્ષાઓ પૂર્ણ કરવાની આપણી જવાબદારી છે. સંપૂર્ણ બહુમતી આપીને આપણા પર જે ભરોસો મૂક્યો છે તે પૂર્ણ કરવા માટે આપણે સૌ કટિબદ્ધ બનીએ. સાતત્યપૂર્ણ રીતે સત છઠ્ઠી વખત સરકાર બનાવવી એ લોકશાહીમાં બહુ મોટી ઘટના છે. ૨૦૧૯ લોકસભાની ચૂંટણી એ આપણા માટે અંતિમ યુદ્ધ છે. દેશની લાંબાગાળાની વિકાસયાત્રા માટે અને ભારતને વિશ્વગુરુના સ્થાન પર પહોંચાડવા માટે ૨૦૧૯માં કેન્દ્રમાં ફરીથી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપા સરકાર બને તે અત્યંત જરૂરી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતુ કે, આગામી ૭૫ નગરપાલિકાઓ, ૦૨ જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપાની જીત એ ૨૦૧૯નો પાયો છે. વિધાનસભાની ચૂંટણીઓમાં જે બુથો માઈનસ થયા છે ત્યાં વધુ ધ્યાન આપી આવા બુથોને ફરીથી પ્લસમાં લાવીએ. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભવ્ય જીતના વિશ્વાસ સાથે આપણે ફરીથી ચૂંટણી મેદાનમાં ઊતરવાનું છે.

**ગુજરાતમાં જ્ઞાતિવાદ-જાતિવાદનું ઝેર ફેલાવવાનું પાપ કોંગ્રેસે કર્યું પરંતુ ગુજરાતની જનતાએ કોંગ્રેસની આ મેલી મુરાદને ઓળખી તેને ફરી એક વખત સત્તાથી દૂર રાખી છે - શ્રી ભીખુભાઈ દલસાણિયા**

પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાએ સતત છઠ્ઠી વખત ભાજપાની સરકાર બનાવવામાં મહત્ત્વનું કાર્ય કરનાર સૌ કાર્યકર્તાઓને અભિનંદન આપતાં જણાવ્યું હતુ કે, ૪૯ ટકા વોટશેર સાથે આપણે ગુજરાતમાં

સરકાર બનાવી છે. જ્યારે, બીજાં અનેક રાજ્યોમાં ફક્ત ૨૮-૩૦ ટકા વોટશેર સાથે સરકારો બનતી હોય છે. ગુજરાતમાં ભાજપાના જનાધારમાં વધારો થયો છે, જે દર્શાવે છે કે, ગુજરાતની જનતાને ભાજપાની સુશાસન અને વિકાસલક્ષી રાજનીતિ પર સંપૂર્ણ ભરોસો છે. કોંગ્રેસ સીધી લડાઈમાં ભાજપાને હરાવી શકે તેમ નથી જેથી પાકિસ્તાનની જેમ કોંગ્રેસે પ્રોક્સીવોર શરૂ કરી દીધી છે. ગુજરાતમાં હાલ કોંગ્રેસ આઉટસોર્સિંગ પર ચાલે છે. ગુજરાતમાં પણ જ્ઞાતિવાદ-જાતિવાદનું ઝેર ફેલાવવાનું પાપ કોંગ્રેસે કર્યું પરંતુ ગુજરાતની જનતાએ કોંગ્રેસની આ મેલી મુરાદને ઓળખી તેને ફરી એક વખત સત્તાથી દૂર રાખી છે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પણ ગુજરાતની જનતા કોંગ્રેસને જડબાતોડ જવાબ આપશે.

પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમારે ભાજપાના આગામી કાર્યક્રમોની વિગતો આપી હતી.

જે મુજબ આગામી કાર્યક્રમો નીચે મુજબ છે :

૧. તારીખ ૧૧, ૧૨, ૧૩ જાન્યુઆરીના રોજ આગામી સમયમાં ચૂંટણીઓમાં યોજાનાર છે ત્યાં નિરીક્ષકશ્રીઓ જશે.
૨. તારીખ ૧૨ જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદ જન્મજયંતી નિમિત્તે ભાજપા યુવા મોરચા દ્વારા વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.
૩. તારીખ ૧૪મી જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિ નિમિત્તે ભાજપા સંગઠન દ્વારા તલના લાડુ અને ચિક્કીની વહેંચણી સેવાવસ્તીમાં જઈને કરવામાં આવશે.
૪. તારીખ ૧૬, ૧૭, ૧૮ જાન્યુઆરીના રોજ ''ઘર-ઘર ચલો અભિયાન'' અંતર્ગત આગામી સમયમાં જ્યાં પણ ચૂંટણીઓ છે ત્યાં જનસંપર્ક કરાશે.
૫. તારીખ ૨૮ જાન્યુઆરીના રોજ વડાપ્રધાનશ્રીના ''મન કી બાત'' કાર્યક્રમનું સામૂહિક રૂપે શ્રવણ કરાશે.



**ગુજરાતમાં સતત છઠ્ઠી વખત ભાજપાની સરકાર બની છે જે ભાજપાના કાર્યકરોના પરિશ્રમની પરાકાષ્ઠાનું પરિણામ છે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પણ જનતાના આશીર્વાદથી ભાજપાનો વિજય નિશ્ચિત છે - શ્રી જીતુભાઈ વાઘાણી**

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતુ કે, ગુજરાતમાં સતત છઠ્ઠી વખત ભાજપાની સરકાર બની છે જે ભાજપાના કાર્યકરોના પરિશ્રમની પરાકાષ્ઠાનું પરિણામ છે. ઐતિહાસિક જીત માટે ભાજપાના બુથ સુધીના તમામ કાર્યકર્તાઓને અભિનંદન પાઠવું છું. સાથે ગુજરાતની જનતાનો અને ભાજપાના કેન્દ્રીય તેમજ ગુજરાતના નેતૃત્વનો હદયપૂર્વક આભાર માનુ છું. કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં અરાજકતા અને અંધાધૂંધીનું વાતાવરણ ઊભું કરવાની તમામ કોશિષ કરવામાં આવી તેમ છતાં ગુજરાતની શાણી જનતાએ ભાજપાને સંપૂર્ણ બહુમતી સાથેનો ક્લીયરકટ મેન્ડેટ આપ્યો છે. કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં ગુજરાતની જનતાને તમામ સુવિધાઓ મફત આપવાની લોભામણી જાહેરાતો કરી તેમ છતાં ગુજરાતની શાણી અને સમજુ જનતા છેતરાણી નથી કે ખોટી લાલચમાં આવી નથી, તેથી ગુજરાતની જનતા લાખ-લાખ અભિનંદનને પાત્ર છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં આપણે ફરીથી જનતા વચ્ચે જઈ આપણા કરેલાં વિકાસનાં કાર્યો તેમજ આગામી સ્થાનિક યોજનાઓની રૂપરેખા સાથે જનમાનસમાં આપણા કરેલાં કાર્યોની સ્વીકૃતિ વધે તે માટે કાર્યરત થવાનું છે.

## આઇએનએસ કલવરી રાષ્ટ્રને સમર્પિત

# છેલ્લાં ત્રણ વર્ષમાં રક્ષા-સુરક્ષા સાથે સંકળાયેલી બધી જ પ્રણાલીઓમાં પરિવર્તન શરૂ થઈ ચૂક્યું છે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૪ ડિસેમ્બરના રોજ નૌસેના ગોદી, મુંબઈમાં આયોજિત એક શાનદાર સમારોહમાં આઈએનએસ કલવરી (એસ-૨૧)નું જળ-અવતરણ કર્યું. ભારતીય નૌસેનામાં પરિયોજના ૭૫ (કલવરી શ્રેણી) અંતર્ગત નિર્મિત ૬ સ્કોરપીન શ્રેણીની સબમરીનોમાંની આ પહેલી સબમરીન છે. ફ્રાંસના નિર્માતા મેસર્સ નેવલ ગ્રુપના સહયોગથી મઝગાંવ ડોક લિમિટેડમાં નિર્માણ થનારી ૬ સબમરીનોમાંની આ પહેલી સબમરીનને નૌસેનામાં ઔપચારિક રીતે સામેલ કરવામાં આવી છે.

એક ઐતિહાસિક ઘટનાના અવસર પર મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી વિદ્યાસાગર રાવ, મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, સંરક્ષણ મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ, સંરક્ષણ રાજ્યમંત્રી ડૉ. સુભાષ ભામરે, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજીતકુમાર ડોભાલ, નૌકાદળના સેનાધ્યક્ષ એડમિરલ શ્રી સુનીલ લામ્બા અને અનેક ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસર વખતે ભારતની જનતાને વધાઈ આપતાં પ્રધાનમંત્રીશ્રીએ આઈએનએસ કલવરીને મેડ ઈન ઈન્ડિયાનું એક મહત્ત્વનું ઉદાહરણ ગણાવ્યું. તેમણે તેના નિર્માણમાં સામેલ સહયોગીઓની સરાહના કરી. તેમણે સબમરીનને ભારત અને ફ્રાંસની વચ્ચે ઝડપથી વધતી જતી હિસ્સેદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે આઈએનએસ કલવરી ભારતીય નૌસેનાને વધુ શક્તિશાળી બનાવશે.

પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે ૨૧મી સદીને એશિયાની સદી કહેવામાં આવે છે. તેમણે કહ્યું કે એ નિશ્ચિત છે કે ૨૧મી સદીમાં વિકાસનો માર્ગ હિંદ મહાસાગરમાં થઈને પસાર થશે. એટલા માટે સરકારી નીતિ-યોજનાઓમાં હિંદ મહાસાગરનું વિશેષ મહત્ત્વ છે. પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે આ કલ્પનાને સાગરક્ષેત્રમાં બધા માટે વધેલી સુરક્ષા અને વિકાસથી સમજી શકાય છે.

પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે ભારત હિંદ મહાસાગરમાં પોતાના વૈશ્વિક, રણનીતિક અને આર્થિક હિતો માટે સતર્ક છે, તેનું કારણ એ છે કે હિંદ મહાસાગરમાં શાંતિ અને સ્થિરતા સ્થાપવામાં આધુનિક અને બહુઆયામી ભારતીય નૌકાદળ મુખ્ય ભૂમિકા નિભાવી રહ્યું છે. તેમણે કહ્યું કે મહાસાગરોની સહજ સંભાવના આપણા રાષ્ટ્રીય વિકાસની આર્થિક શક્તિ વધારે છે. એ જ કારણ છે કે ભારતને સામુદ્રિક રસ્તે આતંકવાદ, લૂંટફાટ અને માદક પદાર્થોની હેરાફેરી જેવી બદીઓની સારી રીતે જાણકારી છે, ન કેવળ ભારતને, બલકે સમુદ્રક્ષેત્રના અન્ય દેશોએ પણ આ બદીઓનો સામનો કરવો પડે છે. તેમણે કહ્યું કે ભારત આ બદીને ડામવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે ભારત વિશ્વને એક પરિવાર માને છે અને તે પોતાની વૈશ્વિક જવાબદારીઓ પૂરી કરી રહ્યું છે. ભારતે સંકટના સમયે પોતાના સહયોગી દેશો માટે સૌથી પહેલાં પ્રતિક્રિયા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે ભારતીય રાજનીતિ અને ભારતના સુરક્ષા પ્રતિષ્ઠાનનો માનવીય અભિગમ એ



આપણી ખાસિયત છે. તેમણે કહ્યું કે મજબૂત અને સક્ષમ ભારતે માનવતા માટે એક પ્રમુખ ભૂમિકા નિભાવવાની છે. તેમણે કહ્યું કે દુનિયાના દેશો શાંતિ અને સ્થિરતા માટે ભારત સાથે સહમત છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે છેલ્લાં ત્રણ વર્ષમાં રક્ષા-સુરક્ષા સાથે સંકળાયેલી બધી જ પ્રણાલીઓમાં પરિવર્તન શરૂ થઈ ચૂક્યું છે. તેમણે કહ્યું કે આઈએનએસ કલવરીના નિર્માણ દરમ્યાન જે કૌશલ્યનો ઉપયોગ કરવામાં આવ્યો તે ભારત માટે મહામૂલી વિરાસત છે.

પોતાના વક્તવ્ય દરમ્યાન પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે સરકારની પ્રતિબદ્ધતાએ એ સુનિશ્ચિત કરી દીધું છે કે વન રેંક વન પેન્શનનો અભરાઈ પર ચડી ગયેલો મુદ્દો હલ કરી દેવામાં આવ્યો છે. પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે સરકારની નીતિઓ અને સશસ્ત્ર દળોની બહાદુરીએ એ સિદ્ધ કરી દીધું છે કે જમ્મુ-કાશ્મીરમાં છદ્મયુદ્ધના સ્વરૂપમાં આતંકવાદની મુરાદ બર આવી નથી.

એક વાર ફરીથી સબમરીનના ઉત્પાદનની શરૂઆત કરવા માટે એમડીએલને વધાઈ આપતાં રક્ષામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે યાર્ડ કર્મચારીઓને ધન્યવાદ પાઠવ્યા. તેમણે કહ્યું કે આજના દિવસે તેમનું ઘણું મહત્ત્વ છે. તેમણે કહ્યું કે સબમરીનના ઉત્પાદનનું કામ દેશમાં એક વાર ફરીથી શરૂ થઈ ગયું છે.

## મંત્રીમંડળે ૨૦૦૦ રૂપિયાના મૂલ્ય સુધીના ડેબિટ કાર્ડ/ભીમ યુપીઆઈ/એઈપીએસની લેવડ-દેવડ પર લાગુ પડતું એમડીઆર વ્યાજ ભરપાઈ કરવાની મંજૂરી આપી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ૨૦૦૦ રૂપિયાના મૂલ્ય સુધીનાં બધાં જ ડેબિટ કાર્ડ/ભીમ યુપીઆઈ/આધાર સક્ષમ વ્યવહાર પ્રણાલી (એઈપીએસ) લેવડ-દેવડ પર લાગુ પાડવામાં આવતા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર)ની બે વર્ષની અવધિ સુધી સરકાર દ્વારા જવાબદારી નિભાવવાની મંજૂરી આપી છે. આ ૧ જાન્યુઆરી ૨૦૧૮થી અમલી બનશે અને તેની બેંકોને રકમ ચૂકવવામાં આવશે.

વિત્તીય સેવાઓના વિભાગના સચિવ અને ભારતીય રાષ્ટ્રીય ભુગતાન નિગમ (એનપીસીઆઈ)ના સીઈઆઈ સાથે મળીને બનાવેલી એક સમિતિ આવા લેવડ-દેવડના ઔદ્યોગિક વ્યવહારો પર નજર રાખશે, જેનાથી ચુકવણીના સ્તરની માહિતી મેળવવાનો આધાર તૈયાર કરી શકાશે. આ મંજૂરીના પરિણામ સ્વરૂપ ૨૦૦૦ રૂપિયાથી ઓછા મૂલ્યવાળી કોઈ પણ પ્રકારની લેવડ-દેવડ માટે ઉપભોક્તા અને વેપારીએ એમડીઆરના રૂપમાં આ પ્રકારના વધારાના બોજથી પરેશાન થવું નહીં પડે. આનાથી આ પ્રકારની લેવડ-દેવડ માટે ડિજિટલ લેવડ-દેવડને લોકો અધિકાંશ પસંદ કરશે, કેમ કે આ પ્રકારની લેવડ-દેવડની ટકાવારી વધુ છે. આનાથી રોકડ રકમ વગરની અર્થવ્યવસ્થાની દિશામાં આગળ વધવા માટે મદદ મળશે.

એવું અનુમાન કરવામાં આવ્યું છે કે ૨૦૦૦ રૂપિયાથી ઓછા મૂલ્યવાળી લેવડ-દેવડ અંતર્ગત બેંકોને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૬૩૦ કરોડ રૂપિયા અને ૨૦૧૯-૨૦માં ૮૮૩ કરોડ રૂપિયાની એમડીઆર ચુકવણી કરવામાં આવશે. વેચાણના વેપારી પીઓએસ પર જ્યારે વ્યવહાર કરવામાં આવે છે, એમડીઆરની ચુકવણી વેપારી દ્વારા બેંકોને કરવામાં આવે છે, આ કારણથી ઘણા લોકો ડેબિટ કાર્ડ રાખવાને બદલે રોકડ વ્યવહાર કરે છે. આ જ રીતે ભીમ યુપીઆઈ પ્લૅટફૉર્મ અને એઈપીએસ માટે વેપારીઓએ કરેલા વ્યવહારો પર એમડીઆઈ ચાર્જ કરવામાં આવે છે.

## જાતિવાદ, કોમવાદ અને આતંકવાદને પ્રોત્સાહન આપવાનું પણ જો કોંગ્રેસ બંધ કરે તો તે 'ભગવાનશ્રી રામને ભજવા કે પૂજવા' બરાબર જ છે - ભરત પંડ્યા



ભાજપ પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, ભગવાનશ્રી રામ આસ્થા અને શ્રદ્ધાનું પ્રતીક છે. આખો દેશ ભગવાનશ્રી રામને માને છે અને પૂજે છે. કોંગ્રેસ પણ હવે, તેમને માનવા લાગીને કાર્યક્રમો આપવાનો પ્રયાસ કરે છે. તે ખોટું નથી, સારી વાત છે, પરંતુ કોંગ્રેસનો ઈરાદો માત્ર રાજકીય અને નાટકીય છે. એક બાજુ કોંગ્રેસ ભગવાનશ્રી રામનું અસ્તિત્વ જ નથી, તે કાલ્પનિક પાત્ર છે તેમ કહે છે. કોંગ્રેસના કપીલ સિબ્બલ રામમંદિર જલદી ન બને તે માટે કોર્ટમાં ૨૦૧૯ પછી રામમંદિરનો ચુકાદો આવે તેમ કહે છે. એટલે અયોધ્યામાં રામ મંદિર ન બને તેવા કોંગ્રેસના કાવા-દાવા રહ્યા છે. દેશમાં એક પછી એક રાજ્યમાં કોંગ્રેસ સતત હારતી જાય છે. ગુજરાત અને દેશની જનતા જાણે છે કે,કોંગ્રેસની વિચારધારા 'તળિયા વગરના લોટા' જેવી છે. કોંગ્રેસ જ્યાં સત્તામાં હોય છે ત્યાં ભયંકર ભ્રષ્ટાચાર કરે છે અને જ્યાં સત્તામાં નથી હોતી ત્યાં દંભ, જૂઠાણાં અને અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરે છે. કોંગ્રેસ પહેલાં જાતિવાદ, કોમવાદ અને આતંકવાદને પ્રોત્સાહન આપવાની વિચારધારા બંધ કરે તો તે 'ભગવાનશ્રી રામને ભજવા કે પૂજવા' બરાબર છે.

કોંગ્રેસનો વિચાર-આચાર એ 'મુખ મેં રામ ઔર બગલ મેં છૂરી' જેવો છે. કોંગ્રેસ જે.એન.યુ.ના કેટલાક લોકોના રાષ્ટ્રવિરોધી, હિન્દુત્વવિરોધી કાર્યક્રમોમાં જાય છે. તેવા લોકોને પ્રોત્સાહન આપે છે. કોંગ્રેસ મુસ્લિમ મહિલાઓની સમાનતા, માનવતા, સન્માન અને આર્થિક-સામાજિક સુરક્ષા માટેના 'તલાક' બિલનો વોટ બેંકની રાજનીતિને કારણે રાજ્યસભામાં વિરોધ કરે છે. કોંગ્રેસ એક બાજુ બંધારણ વિરુદ્ધ કોઈ સમાજને ઓ.બી.સી.માં અનામત આપીશું તેવાં જૂઠાણાં ફેલાવે છે અને બીજી બાજુ ઓ.બી.સી.ના બંધારણીય દરજ્જાના બિલનો સંસદમાં વિરોધ કરે છે. એક બાજુ પોતાનાં કોંગ્રેસ શાસિત રાજ્યોમાં ૧% ઈ.બી.સી.(આર્થિક પછાત વર્ગ) જાહેર કરતી નથી અને અહીં ૨૦% ઈ.બી.સી.આપવાનાં જૂઠાણાં ફેલાવ્યાં હતાં. કોંગ્રેસ એટલે દંભ, જૂઠાણાં, ભ્રષ્ટાચાર અને અરાજકતા ફેલાવનારી પાર્ટી.

ભાજપ માટે હિન્દુત્વ એ સંસ્કૃતિ, પરંપરા અને સભ્યતા છે. કોંગ્રેસ માટે એ રાજકીય દંભ હોઈ શકે છે, પરંતુ ભાજપ માટે હિન્દુત્વ એ જીવનશૈલી છે. હિન્દુત્વ એટલે સત્ય, પ્રેમ, કરુણા, સામાજિક સમરસતા અને માનવતા છે. ભાજપ માટે હિન્દુત્વ એટલે સર્વધર્મ સમભાવ છે, સૌનો સાથ-સૌનો વિકાસ છે. કોંગ્રેસ માત્ર નહેરૂ-ગાંધી પરિવારમાં જ માને છે. જે પરિવારે ૩૮ વર્ષ સુધી દેશનું પ્રધાનમંત્રી પદ ભોગવ્યું હતું, જ્યારે ભાજપ 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના સાથે 'વિશ્વને એક પરિવાર' માને છે. ભગવાનશ્રી રામનું અસ્તિત્વ નથી. તેમ કહીને રામમંદિર ન બને તેવા કાવા-દાવા કરનાર કોંગ્રેસને ભાજપ માટે કંઈ કહેવાનો અધિકાર નથી. 'વંદેમાતરમ્, મરજિયાત હોવું જોઈએ' તેવું કહેનાર કોંગ્રેસને દેશભક્તિના સંદર્ભમાં ભાજપને સલાહ દેવાનો કોઈ અધિકાર નથી.

**પ્રશાંત વાળા**

# કોંગ્રેસની તુષ્ટિકરણની રાજનીતિએ રાજ્યસભામાં બિલને અટકાવ્યું

## ત્રિપલ તલાક બીલ : દેશની મુસ્લિમ મહિલાઓનાં સ્વાભિમાન, સશક્તિકરણ અને સમાનતાના નવા યુગની શરૂઆત - ભાજપા સરકાર મહિલાઓના સન્માન અને તેમના અધિકારોની સુરક્ષા માટે કટિબદ્ધ છે

**રાજીવ ગાંધીએ શાહબાનો કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને પણ સંસદમાં બહુમતીના જોરે બદલાવી નાંખ્યો હતો અને આ કુરિવાજને સમર્થન આપ્યું હતું.**

ત્રિપલ તલાકના કાયદા દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રની ભાજપા સરકારે દેશની મુસ્લિમ મહિલાઓના હિતમાં સૌથી મોટો ફેંસલો કર્યો છે. ત્રિપલ તલાક બીલ એ દેશની મુસ્લિમ મહિલાઓના સ્વાભિમાન, સશક્તિકરણ અને સમાનતાના નવા યુગની શરૂઆત છે. ભાજપા સરકાર મહિલાઓના સન્માન અને તેમના અધિકારોની સુરક્ષા માટે કટિબદ્ધ છે. ભારતીય જનતા પાર્ટીનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું છે કે ધર્મ કે સંપ્રદાયના આધાર પર મુસ્લિમ માતાઓ કે બહેનો સાથે પણ ક્યારેય અન્યાય થવો જોઈએ નહિ. આ પ્રથા મુસ્લિમ મહિલાઓને બીજા સમુદાયની તુલનામાં અસમાન તથા નબળી બનાવે છે. ત્રિપલ તલાક બીલ મુસ્લિમ મહિલાઓને નવી આશા અને આત્મવિશ્વાસ સાથે આત્મગૌરવની પણ અનુભૂતિ કરાવશે.

૨૨મી ઑગસ્ટ ૨૦૧૭ના દિવસે સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતાં ત્રિપલ તલાકને ગેરબંધારણીય પ્રથા ગણાવી હતી. મુસ્લિમ મહિલાઓ પર ત્વરિત ત્રિપલ તલાક એટલે તલાક-એ-બિદ્દત જેવી અત્યાચારી પ્રથા પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કાયદો બનાવવાનું કહ્યું હતું.૨૮મી ડિસેમ્બર ૨૦૧૭ના દિવસે ભાજપા સરકારના કેન્દ્રીય કાયદા મંત્રીશ્રી રવિશંકર પ્રસાદે ત્રિપલ તલાક બીલ લોકસભામાં રજૂ કર્યું હતું અને વિપક્ષોની પાયાવિહીન દલીલો અને વિરોધ વચ્ચે આ બીલ લોકસભામાં પસાર કરી દેવામાં આવ્યું હતું. હાલ આ બીલ રાજ્યસભામાં અટવાયેલું છે. જ્યાં હાલ ભાજપાની બહુમતી નથી. આ વિધેયકને 'ધ મુસ્લિમ વીમેન પ્રોટેક્શન ઓફ રાઈટ્સ ઈન મેરેજ એક્ટ' નામ આપવામાં આવ્યું છે.આ બીલ પ્રમાણે ત્રિપલ તલાક હવે બિન જામીનપાત્ર ગુનો ગણાશે. ત્રણ વખત તલાક બોલીને જો છુટ્ટાછેડા આપવામાં આવશે અને તેની ફરિયાદ પત્ની દ્વારા કરવામાં આવશે તો તેવી સ્થિતિમાં આ બીલમાં પતિ માટે ત્રણ વર્ષની જેલ અને દંડની જોગવાઈ છે.

પાકિસ્તાન જેવા કટ્ટર મુસ્લિમ દેશે ૧૯૬૧માં જ ત્રિપલ તલાક પ્રથાને નાબૂદ કરી દીધી છે. બાંગ્લાદેશે તો શરૂઆતથી જ આ પ્રથાને જાકારો આપી દીધો હતો. આ ઉપરાંત તુર્કી, ઈરાન, ટ્યુનીશીયા, અલ્જીરિયા, મલેશિયા જેવા અનેક મુસ્લિમ દેશોએ ત્રિપલ તલાકને ગેરબંધારણીય ગણાવી તેના પર પ્રતિબંધ મૂકેલો છે. આશ્ચર્યની વાત એ છે કે ભારતમાં આઝાદીનાં ૭૦-૭૦ વર્ષો સુધી કોઈપણ સરકારોએ આ અન્યાયી પ્રથાની વિરુદ્ધમાં કેમ કોઈ કાયદો ના બનાવ્યો ?

આઝાદી બાદ દેશમાં મોટેભાગે કોંગ્રેસનું શાસન રહ્યું છે. કોંગ્રેસે તેની મુસ્લિમ તૃષ્ટીકરણની નીતિઓને કારણે દેશની પ્રગતિમાં હંમેશા અવરોધો ઊભા કર્યા છે. કોંગ્રેસે મુસ્લિમોનો હંમેશા ફક્ત વોટબેંક તરીકે જ ઉપયોગ કર્યો છે. શાહબાનો કેસમાં કોંગ્રેસના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી મુસ્લિમ કટ્ટરપંથીઓ સામે ઝૂકી ગયા હતા. શાહબાનો મધ્યપ્રદેશના ઈન્દોરની રહેવાસી હતી. તેના પતિએ જ્યારે તેને તલાક આપ્યા ત્યારે શાહબાનોની ઉંમર ૬૨ વર્ષ હતી. પોતાનાં પાંચ બાળકો સાથે પતિથી અલગ થયેલી શાહબાનો પાસે આવકનું કોઈ સાધન ન હતું, જેથી તેણે ભરણપોષણની માગ કરી હતી. અદાલતે શાહબાનોની તરફેણમાં ચુકાદો આપ્યો હતો, પરંતુ શાહબાનોના પતિએ ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે પણ શાહબાનોના પક્ષમાં ચુકાદો આપ્યો હતો, પરંતુ રાજીવ ગાંધીએ શાહબાનો કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને પણ સંસદમાં બહુમતીના જોરે બદલાવી નાંખ્યો હતો અને આ કુરિવાજને સમર્થન આપ્યું હતું. ત્રિપલ તલાક પર સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના વકીલ અને કોંગ્રેસના નેતા કપિલ સિબ્બલે અદાલત સામે અનેક દલીલો રજૂ કરી ત્રિપલ તલાક બિલનો વિરોધ કર્યો હતો. સિબ્બલે ત્રણ તલાકને મુસ્લિમોની આસ્થાનો મુદ્દો જણાવીને તેની સરખામણી ભગવાન રામના અયોધ્યામાં જન્મ સાથે કરી હતી. આમ, કોંગ્રેસના દેખાડવાના અને ચાવવાના હંમેશા જુદા રહ્યા છે. ત્રિપલ તલાક પ્રથાને લીધે દેશમાં વર્ષોથી મુસ્લિમ મહિલાઓને અન્યાય થતો આવ્યો છે ત્યારે ભાજપા દ્વારા આ કુપ્રથાને નાબૂદ કરવા માટેનું ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આ નિર્ણયને દેશભરની મુસ્લિમ મહિલાઓએ હર્ષભેર આવકાર્યો છે.

હેમત ગોહિલ

**૧૨ જાન્યુઆરી : વિવેકાનંદ જન્મજયંતી**

# કાર્યકર્તા નિઃસ્વાર્થી લોકસેવક બનવો જોઈએ અને નેતૃત્વ ચારિત્ર્યશીલ અને લાગણીશીલ હોવું જોઈએ - સ્વામી વિવેકાનંદ



*૨૦૧૮ના નવા વર્ષના 'મનોગત'ના આ પ્રથમ અંકમાં વિશ્વવંદ્ય વિભૂતિ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી પ્રસંગે સંગઠન, કાર્યકર્તાઓ અને નેતૃત્વને પ્રેરણારૂપ બની રહે તેવા વિવેકાનંદે વ્યક્ત કરેલ વિચારો પ્રસ્તુત છે.*

*શ્રી એકનાથજી રાનડે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અગ્રણી પ્રચારક અને મહાસચિવ હતા. કન્યા કુમારી મુકામે દરિયાની વચ્ચે શિલા પર સ્વામી વિવેકાનંદના ભવ્ય સ્મારકના નિર્માણમાં એકનાથજીએ ભારે જહેમત ઉઠાવી હતી.*

*સન ૧૯૬૩માં એકનાથજીએ વિવેકાનંદના વિચારો જન જન સુધી પહોંચે તે હેતુથી 'સ્વામી વિવેકાનંદનું હિંદુ રાષ્ટ્રને સંબોધન' નામના પુસ્તકનું સંપાદન કરેલ. આ જ પુસ્તકમાંથી લીધેલા થોડા પ્રેરણાદાયી વિચારો 'વિવેકાનંદ જન્મજયંતી' પ્રસંગે અત્રે પ્રસ્તુત છે.*

*સ્વામી વિવેકાનંદે પોતાના ટૂંકા જીવન દરમ્યાન ભારતવર્ષ માટે અને ખાસ કરીને યુવાનો માટે વિચારોનો સાગર છલકાવી દીધો છે. સ્વામીજીના આ વિચારો એટલા તાકાતવાન, બલવાન અને પ્રાણવાન છે કે મડદામાં પ્રાણ પૂરી શકે છે. આ વિચારો ગઈ કાલે એટલા પ્રસ્તુત હતા, આજે પણ છે અને આવતીકાલે પણ રહેશે.*

*આપણે સૌ વિચારધારાને વરેલી રાજકીય પાર્ટીમાં અને જાહેર જીવનમાં કાર્યરત કાર્યકર્તા છીએ ત્યારે સ્વામીજીના પ્રેરણાત્મક વિચારોને આપણા જીવન- આચરણમાં મૂકી, જીવન સાર્થક બનાવીએ.*

## અખંડ પ્રેમના એકસૂત્રે સંધાયેલ સંગઠન જરૂરી છે

હિંદુઓને પરસ્પર સહકાર દાખવતાં અને એકબીજાની કદર કરતાં શીખવે એવી સંસ્થાની ખાસ જરૂર છે. કલકત્તાની સભામાં પાંચ હજાર લોકોએ હાજરી આપી હતી. બીજાં સ્થળોએ પણ સેંકડોની સંખ્યા હતી. મારા કાર્યની કદર કરવા એ સૌ ભેગા મળ્યા હતા. ઠીક વાત છે ! પરંતુ, પ્રત્યેકને એક એક આનો આપવાનું કહો તો કેટલા ઊભા રહે ? આપણું આખુંય રાષ્ટ્રીય ઘડતર બાલિશ પરાધીનતા પર ચણાયેલું છે. મોંમાં કોળિયો મૂકે, તો ખાવા સૌ કોઈ તૈયાર છે. કેટલાકને તો એ કોળિયો કોઈ ગળે ઉતારી દે તો ગમે એવું છે. તમે સ્વાશ્રયી ન હો તો તમને જીવવાનો અધિકાર નથી.

ભારતમાં ત્રણ માણસો પાંચ ક્ષણ માટે એકસાથે સહકારથી કાર્ય કરી શકતા નથી. પ્રત્યેક સત્તા માટે ઝઘડે છે. પરિણામે આખી સંસ્થા પર ભય ઊભો થાય છે. ભગવાન ! ભગવાન ! ક્યારે આપણે એકબીજાની ઈર્ષા કરતાં અટકીશું ? આવા રાષ્ટ્રમાં વિવિધ મતભેદો હોવા છતાં અખંડ પ્રેમના એકસૂત્રે સંધાયેલા મનુષ્યોનો સંઘ ઊભો

કરવો એ અદ્‌ભુત કાર્ય નથી ? આવો સંઘ વર્ધિષ્ણુ હશે. એની સભ્ય-સંખ્યા વધતી જશે. આ અદ્‌ભુત સ્વાતંત્ર્યનો વિચાર અને અખૂટ શક્તિ અને પ્રગતિ ભારતભરમાં વ્યાપી જશે, તો જ સમગ્ર રાષ્ટ્રમાં વિદ્યુતશક્તિ પેદા થશે. ભયંકર અજ્ઞાન, ઈર્ષા, જ્ઞાતિવાદ, પ્રાચીન જડવાદ, ને અસૂયા જેવા ગુલામોના રાષ્ટ્રનો વારસો ધરાવતા આ સમાજની રગેરગમાં એ ભાવ પ્રવેશશે.

### નિઃસ્વાર્થ માનવસેવાનું વ્રત લો

પ્રત્યેક કાર્યને ત્રણ તબક્કાઓમાંથી પસાર થવું પડે છે : અવહેલના, વિરોધ અને સ્વીકાર. પોતાના જમાનાથી પરની વાતોનો વિચાર કરનાર જરૂર ગેરસમજનો ભોગ બને છે. એટલે વિરોધ ને દમન આવકાર્ય છે. ફક્ત મારે અડગ અને પવિત્ર રહેવાની જરૂર છે. પ્રભુમાં અસીમ શ્રદ્ધા રાખવાથી આ બધાં ઓગળી જશે. સમાજને ખુશ રાખી, સાથે સાથે મહાન કાર્યો સાધ્યાં હોય એવા કોઈ નથી, અંતરનો અવાજ ઊઠે એ પ્રમાણે દરેકે કામ કર્યે જવું. એ સાચું ને કલ્યાણકારી હશે તો સમાજ એને જરૂર અપનાવશે. ભલે એ વ્યક્તિ હયાત ન હોય, ભલે એ કાર્ય કર્યાને સદીઓ વીતી ગઈ હોય. આપણે મનસાવાચાકર્મણા કાર્યમાં લાગી જવું જોઈએ. તન-મન-ધનથી સર્વસ્વ ન્યોછાવર કરવા કટિબદ્ધ થઈશું નહિ ત્યાં સુધી આપણે કદી પામી શકીશું નહિ - કદી નહિ.

જે વ્યક્તિઓએ માનવસેવાનાં વ્રત લેવાં હોય તેણે પોતાનાં સુખદુઃખ, નામ ને ખ્યાતિ, પ્રત્યેક પ્રકારની આશા આકાંક્ષાઓ, સૌને પૂળો વાળી સાગરમાં પધરાવી દેવો જોઈએ, ને પછી પ્રભુચરણે જવું જોઈએ. જગતના મહાપુરુષોએ આ જ કહ્યું છે ને કર્યું છે.

### શિસ્તપાલક અને આજ્ઞાપાલક બનો

જે આજ્ઞા પાળી જાણે છે તે આજ્ઞા કરી શકે છે. પ્રથમ આજ્ઞાપાલન શીખવાની જરૂર છે. આ પાશ્ચાત્ય રાષ્ટ્રોમાં સ્વાતંત્ર્ય ભાવનાની કક્ષા જેટલી ઊંચી એટલી જ આજ્ઞાપાલનની ભાવના બળવત્તર છે. આપણે બધા જ આપણી જાતને જ મોટા માનીએ છીએ. એમ હોવાથી આપણે કોઈ પણ કામ કરી શકતા નથી. મહાન સાહસો, અગાધ ધૈર્ય, ગજબ શક્તિ છતાં સાથે સાથે સંપૂર્ણ આજ્ઞાપાલન : આ બધાં વ્યક્તિગત અને રાષ્ટ્રીય ઉત્થાન માટે આવશ્યક લક્ષણો છે. આપણામાં આમાંનું એકે નથી.

અહીં તો બધાને નેતા થવું છે. કોઈને આજ્ઞાપાલક થવું નથી. મહાન કાર્યો કરવાં હોય તો નેતાના આદેશોનું સંપૂર્ણ પાલન થવું જોઈએ. મને મારા ગુરુભાઈ આજ્ઞા આપે કે મારે આ મઠનાં ગટર - જાજરૂ સાફ કરવામાં મારું શેષ જીવન વિતાવવું તો એક હરફ પણ વિરોધમાં ઉચ્ચાર્યા સિવાય હું એ આજ્ઞાનું પાલન કરીશ. આજ્ઞાપાલન કરી જાણે એ જ મહાનાયક બની શકે. સામાન્ય કલ્યાણની વાતમાં કોઈ પણ પ્રકારનો બબડાટ ન ચાલે.

આજ્ઞાધીનતાનો સદ્‌ગુણ કેળવો. પરંતુ એમ કરતાં વધારે પોતાની શ્રદ્ધા ગુમાવી બેસવાની નથી. ઉપરી અધિકારીઓ પ્રતિ આજ્ઞાધીનતા ન હોય તો એક કેન્દ્રવર્તી તંત્ર શક્ય બનતું નથી. વ્યક્તિગત બળોને કેન્દ્રિત કર્યા સિવાય કોઈ પણ મહાન કાર્ય થઈ શકતું નથી.

### સહકાર્યકર્તાને પ્રોત્સાહિત કરો

કોઈની પણ યોજના પર આપણે ઠંડું પાણી રેડવું ન જોઈએ. ટીકા કરવાનું બિલકુલ માંડી વાળો. સીધે માર્ગે કાર્ય કર્યે જતા હોય એ દરેકને સહાયરૂપ બનો. જ્યાં એ ભૂલ કરતા હોય, ખોટે માર્ગે જતા હોય, ત્યાં તેમને નમ્રતાથી એમની ભૂલ સમજાવો. એકબીજાની ટીકા કરવાથી જ સૌ અનિષ્ટોનાં મૂળ નંખાય છે. સંસ્થા તોડી પાડવામાં એ મુખ્ય ભાગ ભજવે છે.

### ભાઈચારાની ભાવના વિકસાવો

કોઈ પણ કાર્ય હાથ ધરો એની સફળતાનો પૂરો આધાર પરસ્પરનો પ્રેમ છે. ઈર્ષા, અસૂયા અને અહંભાવ હશે ત્યાં સુધી કદીયે કલ્યાણ થવાનું નથી.

તમારા બંધુઓના અભિપ્રાયો સ્વીકારવા હંમેશાં તૈયાર રહો. હંમેશાં સમાધાન કરવાની વૃત્તિ રાખો. એ જ સફળતાની છૂપી ચાવી છે.

### નેતૃત્વ ચારિત્ર્યવાન હોવું જોઈએ

નેતામાં ચારિત્ર્ય ન હોય તો નિષ્ઠા શક્ય નથી. સંપૂર્ણ પવિત્રતા જ અખંડ નિષ્ઠા અને શ્રદ્ધા પ્રગટાવે છે. એક અવતારે નેતા બનતો નથી. એને તો અનેક અવતાર લેવા પડે છે. મુશ્કેલી સંસ્થામાં કે યોજના ઘડવામાં નથી. એક નેતાની સાચી કસોટી તો વિશાળ વિવિધતાભર્યા લોકોને એમની સામાન્ય ભાવનાઓને ધ્યાનમાં રાખી સંગઠિત રાખવામાં છે. આ કામ સહજ રીતે જ થતું જાય છે - પ્રયાસ કરવાથી આ બનતું નથી.

### સેવા અને પ્રેમ : નેતૃત્વના આવશ્યક ગુણો

નેતા થવું એ ઘણું જ મુશ્કેલ કાર્ય છે. મનુષ્યે તો એ માટે સેવકના સેવક થઈ રહેવું પડે. હજારો દિલ સાચવવાં પડે. જે સૌના સેવક એ જ સૌનો સરદાર. સ્વાર્થ કે અસૂયાનો ત્યાં છાંટો પણ ન ખપે. ત્યારે જ તમે નેતા બની શકો. પ્રથમ તો જેનામાં જન્મજાત ગુણો છે તે આજન્મ નેતા. બીજો જે નિઃસ્વાર્થ છે તે નેતા એ જ સાચો નેતા. જેમાં સૌથી પ્રથમ સેવા કરવાની,

આજ્ઞાધીન બનવાની, આત્મસંયમી બનવાની આવશ્યકતા છે. એવું ક્ષાત્રતેજ ક્યાં છે? ક્ષાત્રતેજ અહમ્‌ના આવિષ્કારમાં નથી, આત્મભોગમાં છે. આદેશ થતાં આગેકૂચ કરવા, પ્રાણ પાથરવાની તૈયારી જોઈએ, ત્યારે જ અન્યનાં હૈયાં ને જીવન પર હુકમ ચલાવી શકાય. પ્રથમ આત્મબલિદાન કરવું જોઈએ.

### નેતૃત્વે નિષ્પક્ષ, તટસ્થ અને અગ્રેસર રહેવું જોઇએ

ભારતીય સૈનિક રણક્ષેત્ર પર કાર્યરત રહ્યો હોય એવું સાંભળ્યું છે ? ના, પણ એને સરદારની જરૂર છે. મારો એક અંગ્રેજ મિત્ર, જનરલ સ્ટ્રોંગ સિપાહીઓના બળવા વખતે ભારતમાં હતો. એ આવી ઘણી વાતો કહેતો. એક દિવસ વાતવાતમાં મેં પૂછ્યું, ‘અમારા સિપાહીઓ પાસે તોપો હતી, બંદૂકો હતી, દારૂગોળો ને અન્ય તમામ સાધન - સામગ્રી હતી. વળી તેઓ તાલીમબદ્ધ સૈનિક હતા, છતાં તેઓ આવો પરાજય કેમ પામ્યા ?’ તેમણે ઉત્તર દીધો, ‘તમારા નેતાઓ જાતે આગળ વધ્યા નહિ. સલામત સ્થળે પાછળ રહી હુકમો છોડ્યા કર્યા. ‘લડો, વીર જવાનો !’ પરંતુ જ્યાં સુધી સેનાપતિ મોખરે રહી મૃત્યુને વધાવી ન લે ત્યાં સુધી સૈનિકો મન મૂકીને કદી લડે નહિ. દરેક વાતમાં આ જ સત્ય છે.’ કફ્નને શિર ધરી જ દેવું જોઈએ. કોઈ સુભગ કાર્ય માટે તમે તમારા પ્રાણ ન્યોછાવર કરો તો જ તમે નેતા બની શકો, પરંતુ આપણે તો આત્મભોગ આપવો નથી, ને નેતા થવું છે, પરિણામ મોટું મીંડુ. આપણને કોઈ સાંભળતું નથી.

### નેતા નિષ્પક્ષપાતી હોવો જોઇએ

પક્ષપાત અનિષ્ટનું મુખ્ય કારણ છે. એક કરતાં બીજા પ્રતિ તમે વધુ પ્રેમ દાખવો તો ખાતરી રાખજો કે તમે ભાવિ મુશ્કેલીઓનાં બીજ રોપો છો.

ઊંચનીચનો ભેદભાવ હોય એ કદીયે નેતા થઈ શકતો નથી. જેનો પ્રેમ અગાધ છે, જેને મન ઊંચનીચના ભેદ વસતા નથી, તેને જ ચરણે સમગ્ર જગત ઝૂકી પડે છે.

### કાર્યકર્તાઓમાં સમૂહભાવના જગાડો

કોઈ પણ બંધુનું ભૂંડું બોલવા કોઈ પણ વ્યક્તિ તમારી પાસે આવે તો એને બિલકુલ સાંભળશો નહિ. એને કાન ધરવો એ પણ મહાપાપ છે. એમાં જ ભાવિ સંઘર્ષનાં બીજ છે.

બીજું પ્રત્યેકની ઊણપો નિભાવી લો. કરોડો અપરાધો માફ કરો. બધાને તમે નિઃસ્વાર્થભાવે પ્રેમ કરતા હશો તો ધીમે ધીમે બધા એકબીજાને ચાહતા થઈ જશે. જેવા તે સમજશે કે એકનો સ્વાર્થ બીજાના સ્વાર્થ પર અવલંબે છે કે તુરત બધા જ ઈર્ષાનો ત્યાગ કરશે. સમૂહગત રીતે કાંઈક કરવું એ આપણી રાષ્ટ્રીય ખાસિયતમાં જ નથી. માટે જ તમારે એ ભાવના જગાડવા ખૂબ જ સંભાળપૂર્વક પ્રયાસ કરવો અને ધીરજની વાટ જોવી.

### પ્રત્યેક કાર્ય પવિત્ર બનાવો

દરેક કર્તવ્ય પવિત્ર છે. કાર્યનિષ્ઠા એ ઈશ્વરની ઊંચામાં ઊંચી ભક્તિ છે.

આપણી પાસે જે કામ હોય, જે કાર્ય આપણા હાથમાં હોય, એ કર્મ સારામાં સારી રીતે પાર પાડવાથી આપણે આપણી જાતને શક્તિશાળી બનાવીએ છીએ. ડગલે ડગલે આ રીતે આપણે આપણી શક્તિ વધારીએ છીએ. એક દિવસ એવો પણ આવશે જ્યારે સમાજ અને જીવનમાં પ્રિય અને માનદ કાર્યો કરવાનો આપણો અધિકાર થઈ ચૂક્યો હશે, એ કક્ષાએ આપણે પહોંચી ગયા હોઈશું ! આપણે જેને માટે લાયક હોઈએ એ પરિસ્થિતિ આપણને મળે છે. દરેક દડા માટે કાણું નિયત કરેલું હોય છે જ અને એક વ્યક્તિમાં બીજી વ્યક્તિ કરતાં વધારે શક્તિ હશે તો જગત એ પણ શોધી કાઢશે. આ પ્રમાણે સર્વવ્યાપી અનુકૂલન ચાલ્યા જ કરે છે, એટલે લબડવાનો કશો જ અર્થ નથી. કોઈ શ્રીમંત હોય પણ એ દુષ્ટ હોય છતાં એનામાં એવા ગુણો તો હશે જ જેણે એને ધનવાન બનાવ્યો, બીજા માણસમાં પણ જો એવા જ ગુણો હશે તો એ પણ એવો જ શ્રીમંત બનશે, પછી ફરિયાદ કરવાનો કે ઝઘડવાનો અર્થ શો ? એથી સારી વાત પ્રતિ આપણી પ્રગતિ નહિ થાય.

### પરિસ્થિતિ માટે કચવાટ ન કરો : દરેક કર્તવ્ય માટે રુચિ પેદા કરો

જે કાંઈ નજીવું કામ સોંપવામાં આવ્યું હોય એના પ્રતિ જે કચવાટ કરે છે એ દરેક વાત માટે બબડાટ કરશે જ. આમ, કચવાટ કરી એ પોતાના જીવનને દુઃખી દુઃખી કરી મૂકશે અને બધું જ નિષ્ફળતામાં પરિણમશે, પરંતુ જે માણસ જે દશામાં મુકાયો હોય ત્યાં જો એ પોતાની ફરજ બજાવશે, ખભો લગાડી ચક્રને ગતિમાન કરશે, એ પ્રકાશ પામશે. ઊંચાં ને ઊંચાં કર્તવ્યો અદા કરવાનું એને જ માથે આવશે. જે કારીગરને પરિણામની પડી છે તે પોતાને જે કામ સોંપવામાં આવ્યું હોય એને વિશે બબડે છે. વિરક્ત કારીગરને મન બધાં જ કર્તવ્ય સારાં જ હોય છે. સ્વાર્થ અને વાસનાનો વિનાશ કરે એવાં સાધનરૂપ એ બની રહે છે, એના આત્માની મુક્તિ નિશ્ચિત છે.

પરંતુ કકળાટ કરનારને મન તમામ કાર્યો અણગમતાં છે, કશું જ એને સંતોષ આપી શકતું નથી, એનું સમગ્ર જીવન એક નિષ્ફળતાનું પ્રતીક બની જાય છે, માટે આપણે કાર્ય કર્યા જ કરીએ.

આપણને જે કર્તવ્ય લાગે એ કર્યા જ કરીએ. ચક્રને ગતિમાન કરવા ખભો ધરવા હરહંમેશ તત્પર રહીએ, ત્યારે જ આપણે નક્કી પ્રકાશ પામીશું !

કોઈ કાર્ય ક્ષુલ્લક નથી, મહામૂરખ પણ જો એને હૈયે વસી ગયું તો ગમે તેવું કામ પાર પાડશે, પરંતુ જે મનુષ્ય પ્રત્યેક કાર્યને પોતાના શોખની વાત બનાવે છે એ જ ખરો બુદ્ધિશાળી લેખાય.

જગતમાં સઘળું વડના બીજ જેવું છે. ભલે એ રાઈના દાણા જેટલું રહ્યું, છતાં એમાંથી જ વડનું મહાવૃક્ષ પાંગરવાનું છે. જે મનુષ્ય આ વાત સમજે અને પ્રત્યેક કાર્યને સાચી રીતે મહાન બનાવવામાં સફળતા મેળવે એ જ ખરો બુદ્ધિશાળી છે.

### એકાત્મ માનવદર્શન

પં. દીનદયાળ ઉપાધ્યાયનું 'એકાત્મ માનવદર્શન' માનવીના વ્યક્તિત્વના સમગ્ર સંકલિત રૂપમાં પરિપ્રેક્ષ્યના, સમન્વયના આધારે સમાજરચના જોઈએ એવો ભાવ વ્યક્ત કરે છે. વ્યક્તિ, કુટુંબ સમાજ, દેશ, રાષ્ટ્ર અને અંતે દુનિયા આખી પરસ્પર સંકળાયેલાં છે. સમાજ બાબતે પણ જુદા જુદા વર્ગો, પ્રાંતો, ભાષા કે પંથના ટુકડાઓનો વિચાર ન કરતાં સમગ્ર સમાજનો વિચાર કરવો જોઈએ.

પં. દીનદયાળજી માનતા કે માનવી સૌ સરખા. સૌને વિકાસની સરખી તક મળવી જોઈએ. 'એકાત્મ માનવદર્શન' સર્વે જનાઃ સુખિનઃ સન્તુ (એટલે કે હું એકલો નહિ, સૌ સુખી થાય) ભાવનાને પ્રકટ કરતું અલૌકિક ચિંતન છે. ભાજપાએ એમની પંચનિષ્ઠામાં આ દર્શન સ્વીકાર્યું છે.

સ્વામી વિવેકાનંદે પણ વિશ્વકલ્યાણ માટે એકવાર કહેલું કે -

બીજા પ્રત્યેનું આપણું કર્તવ્ય એટલે બીજાઓને સહાય કરવી, જગતનું ભલું કરવું. જગતનું ભલું આપણે શા માટે કરવું ? જગતનું ભલું કરવા જેવું એ દેખાય છે, પણ ખરી રીતે તો તે આપણા પોતાના જ કલ્યાણ માટે હોય છે. જગતને સહાય કરવાનો આપણે હંમેશાં પ્રયત્ન કરવો જોઈએ, અને એ ઉચ્ચ હેતુનો હોવો જોઈએ; પણ જો ઊંડાણથી વિચાર કરીએ તો જગતને આપણી સહાયની જરાયે જરૂર નથી. તમે કે હું જઈને મદદ કરીએ એટલા માટે આ જગત સર્જવામાં આવ્યું નથી. એક વેળા એક ઉપદેશ મારા વાંચવામાં આવ્યો. તેમાં કહેવામાં આવ્યું હતું : 'આ સમગ્ર જગત ઘણું સારું છે, કેમ કે બીજાને સહાય કરવાનો સમય અને તક એ આપણને આપે છે.' દેખીતી રીતે આ બહુ સારો લાગણીભર્યો વિચાર છે, પણ જગત આપણી સહાયની અપેક્ષા રાખે છે એમ કહેવામાં ઈશ્વરની નિંદા નથી ? જગતમાં ખૂબ દુઃખ છે એની ના પાડી શકાય તેમ નથી; એટલે બીજાની સહાય માટે બહાર પડવું એ આપણું શ્રેષ્ઠ કર્તવ્ય છે. જોકે લાંબે ગાળે, બીજાને જ સહાય કરી રહ્યા છીએ, એમ અવશ્ય લાગશે.

### ભાજપની પંચનિષ્ઠામાંની એક, 'સર્વધર્મ સમભાવ' વિવેકાનંદના વિચારોની પ્રેરણા છે

ભારતીય જનતા પાર્ટી પ્રાદેશિક અસમાનતાવિહીન ભારતના નિર્માણમાં માને છે કે જ્યાં કોઈ નીતિ-જાતિ વચ્ચે ભેદભાવ ન હોય અને ધાર્મિક કલહ પણ ન હોય. ભાજપ સકારાત્મક સર્વપંથ સમભાવમાં દૃઢ વિશ્વાસ ધરાવે છે. ભાજપ મજહબી રાજના સિદ્ધાંતને જ નકારે છે. ભાજપા હંમેશથી વાસ્તવિક સેક્યુલરવાદથી બંધાયેલી પાર્ટી છે અને તે આપણા બહુધર્મી સમાજના બધા વર્ગોના અંતરંગ વિકાસનો હિસ્સો છે, જેમાં અલ્પસંખ્યકોનો પણ સમાવેશ થાય છે. 'તમામને ન્યાય, અને કોઈનું તુષ્ટીકરણ નહિ' એ ભાજપનું સૂત્ર છે. હિન્દુત્વ સંસ્કૃતિની ચાહક ભાજપ, ભારતની એકતાને કમજોર થવા નહીં દે.

સ્વામી વિવેકાનંદ પણ હિન્દુધર્મના વિશ્વપ્રચાર અને સર્વધર્મ સમભાવનાના ચાહક હતા.

સ્વામી વિવેકાનંદે પોતાનાં પ્રવચનોમાં હિન્દુ ધર્મની સહિષ્ણુતાની અને હિન્દુઓમાં રહેલી ભાઈચારાની ભાવનાઓની વાતો ખૂબ કરી. લોસ એન્જિલિસ ખાતે એક વિશાળ જનમેદનીને સંબોધતાં તેઓએ કહેલું, મને એવા રાષ્ટ્રના નાગરિક હોવાનું ગૌરવ છે કે જે તમામ રાષ્ટ્રોના પીડિતો તથા શરણાર્થીઓને આશ્રય આપતું રહ્યું છે. રોમન આક્રમણખોરોએ યહૂદીઓના સાઈનાગો પર હુમલો કરીને એને ધ્વસ્ત કરી નાખ્યું, ત્યારે અમે એ બચી ગયેલા યહૂદીઓને આશ્રય આપીને, એમનું પાલન-પોષણ કર્યું હતું, જેના પરિણામે આજે પણ મલબારમાં યહૂદીઓએ, જ્યારે અગ્નિપૂજક ઈરાનીઓની સમૂળગી કતલ થવાની વારી આવેલી ત્યારે, બચી ગયેલા પારસીઓને ગુજરાતમાં સંઘર્યા હતા, ઈસુ ખ્રિસ્તના સંત થોમસની સાથે આવ્યા છીએ એવો દાવો કરનારા ખ્રિસ્તીઓ આજે પણ ભારતમાં પોતાની માન્યતા મુજબ ધર્મ પાળીને રહે છે. આજે પણ આ સહિષ્ણુતાની ભાવના મરી ગઈ નથી, એ મરવાની નથી અને ભારતમાં એ મરી શકે નહીં.

આમ, વિદેશની ધરતી ઉપર, ત્યાંની આધુનિક પ્રજા સમક્ષ સ્વામી વિવેકાનંદે પોતાની આગવી પ્રતિભાથી હિન્દુ ધર્મની અને ભારતીય સંસ્કૃતિની સર્વગ્રાહી ઉદાત્તવૃત્તિનો પરિચય કરાવી, સૌની આંખ ઉઘાડી નાંખી.

## ગુજરાત રાજ્યનું મંત્રીમંડળ/ફાળવણી ખાતા અને ફોન નંબર

| ક્રમ નંબર | માન. મંત્રીશ્રીનું નામ અને ફાળવેલ વિભાગ | સ્વર્ણિમ સંકુલ | ઓફિસના નંબર | | ફેક્સ |
|---|---|---|---|---|---|
| | | | ટાટા | અન્ય | |
| ૧ | **શ્રી વિજયભાઈ રમણીકલાલ રૂપાણી, (માન. મુખ્યમંત્રીશ્રી)**<br>(સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ ખનિજ, માહિતી પ્રસારણ, ક્લાઈમેટ ચેન્જ, આયોજન, સાયન્સ અને ટેક્નોલોજી, તમામ નીતિઓ અને કોઈ મંત્રીશ્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો) | ૧/૩ | ૫૦૦૭૩<br>૫૦૦૭૪<br>૫૦૦૧૫ | ૨૩૨૩૨૬૧૧<br>થી<br>૨૩૨૩૨૬૧૩ | ૨૩૨૨૨૧૦૧ |
| ૨ | **શ્રી નીતિનકુમાર પટેલ (માન. નાયબ મુખ્યમંત્રીશ્રી)**<br>(નાણાં, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના) | ૧/૨ | ૫૦૧૧૦<br>૫૦૧૦૮ | ૫૦૧૦૯<br>૨૩૨૩૮૦૭૨ | ૫૭૬૧૬ |
| ૩ | **શ્રી રણછોડભાઈ છનાભાઈ ફળદુ (આર. સી. ફળદુ)**<br>(કૃષિ, ગ્રામવિકાસ, મત્સ્યોદ્યોગ, પશુપાલન, વાહન વ્યવહાર) | ૧/૨ | ૫૦૧૦૫<br>૫૦૧૦૪ | ૫૦૧૦૩<br>૨૩૨૩૮૦૭૮ | ૫૭૯૭૩ |
| ૪ | શ્રી ભુપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા, શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, મીઠા ઉદ્યોગ, ગૌસંવર્ધન નાગરિક ઉડ્ડયન) | ૧/૨ | ૫૦૧૧૯<br>૫૦૧૧૮ | ૫૦૧૧૬<br>૨૩૨૩૮૦૭૬ | ૫૦૧૨૦ |
| ૫ | **શ્રી કૌશિકકુમાર જમનાદાસ પટેલ**<br>(મહેસૂલ) | ૧/૧ | ૫૬૪૨૮<br>૫૦૧૩૩ | ૫૦૧૩૪<br>૨૩૨૩૮૧૦૯ | ૫૦૧૩૫ |
| ૬ | **શ્રી સૌરભભાઈ પટેલ**<br>(ઊર્જા) | ૧/૧ | ૫૪૨૭૦<br>૫૦૨૧૩ | ૫૦૨૧૧<br>૨૩૨૩૮૧૫૨ | ૫૦૨૧૫ |
| ૭ | **શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવા**<br>(આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન, મહિલા અને બાળકલ્યાણ) | ૧/૧ | ૫૧૯૩૫<br>૫૧૯૩૪ | ૫૧૯૩૬<br>૫૧૯૩૭ | ૫૧૯૩૯ |
| ૮ | **શ્રી જયેશકુમાર રાદડિયા**<br>(અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો, કુટિર ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી) | ૧/૧ | ૫૦૨૩૦<br>૫૦૨૨૮ | ૫૦૨૨૯<br>૫૦૨૨૫ | ૫૦૨૬૩ |
| ૯ | **શ્રી દિલીપકુમાર વિરાજી ઠાકોર**<br>(શ્રમ અને રોજગાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ) | ૧/૧ | ૫૦૧૨૯<br>૫૦૧૨૭ | ૫૦૧૨૮<br>૫૧૯૭૮ | ૫૦૩૦૬ |
| ૧૦ | **શ્રી ઈશ્વરભાઈ (અનિલ) રમણભાઈ પરમાર**<br>(સામાજિક ન્યાય અને અધિકારિતા અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોનું કલ્યાણ સહિત) | ૧/૨ | ૫૦૨૩૬<br>૫૦૨૨૧ | ૫૦૨૨૨<br>૫૦૨૨૪ | ૫૦૨૬૪ |

## રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ

| ક્રમ નંબર | માન. મંત્રીશ્રીનું નામ અને ફાળવેલ વિભાગ | સ્વર્ણિમ સંકુલ | ઓફિસના નંબર | | ફેક્સ |
|---|---|---|---|---|---|
| | | | ટાટા | અન્ય | |
| ૧૧ | **શ્રી પ્રદીપસિંહ ભગવતસિંહ જાડેજા,** પોલીસ આવાસો, સરહદી સુરક્ષા, નાગરિક સંરક્ષણ, ગ્રામરક્ષક દળ, જેલ, નશાબંધી, આબકારી, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિનનિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકોલ (તમામ સ્વંતત્ર હવાલો) અને ગૃહ, ઊર્જા, વૈધાનિક અને સંસદીય બાબતો, કાયદો અને ન્યાયતંત્ર) | ૨/૩ | ૫૦૨૬૯<br>૫૦૨૬૮<br>૫૦૨૨૦ | ૫૦૨૬૬<br>૫૨૪૮૩<br>૨૩૨૨૦૭૯૭ | ૫૦૨૭૦ |
| ૧૨ | **શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ**<br>(સિંચાઈ, પાણી પુરવઠા (સ્વતંત્ર હવાલો) | ૨/૧ | ૫૧૯૫૯<br>૫૧૯૬૦ | ૫૧૯૬૧<br>૫૧૯૬૩ | ૫૧૯૬૨ |
| ૧૩ | **શ્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી**<br>(મત્સ્યોદ્યોગ) | ૨/૪ | ૫૦૧૪૩<br>૫૦૧૪૪ | ૫૦૧૪૧<br>૫૦૧૪૨ | ૫૦૧૪૫ |
| ૧૪ | **શ્રી બચુભાઈ મગનભાઈ ખાબડ**<br>(ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામવિકાસ, પશુપાલન, ગૌસંવર્ધન) | ૨/૧ | ૫૧૯૪૭<br>૫૧૯૪૮ | ૫૧૯૪૯<br>૫૧૯૫૧ | ૫૧૯૫૦ |
| ૧૫ | **શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર**<br>(પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો) કૃષિ) | ૨/૩ | ૫૦૧૭૦<br>૫૦૧૬૭ | ૫૦૧૬૮<br>૫૦૧૬૯ | ૫૭૦૧૦ |
| ૧૬ | **શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ**<br>(સહકાર, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (સ્વંતત્ર હવાલો), વાહન વ્યવહાર) | ૨/૪ | ૫૦૨૬૨<br>૫૦૧૯૧ | ૫૦૧૯૨<br>૫૦૧૯૪ | ૫૧૯૭૬ |
| ૧૭ | **શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર**<br>(સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ) | ૨/૨ | ૫૦૨૦૬<br>૫૦૨૦૫ | ૫૦૨૦૭<br>૫૦૨૦૮ | ૫૦૨૮૫ |
| ૧૮ | **શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ દવે**<br>મહિલા અને બાળકલ્યાણ, શિક્ષણ (પ્રાથમિક અને ઉચ્ચશિક્ષણ) યાત્રાધામ) | ૨/૨ | ૫૧૯૪૦<br>૫૧૯૪૧ | ૫૧૯૪૨<br>૫૧૯૪૩ | ૫૭૯૬૬ |
| ૧૯ | **શ્રી રમણલાલ નાનુભાઈ પાટકર**<br>(વન અને આદિજાતિ વિકાસ) | ૨/૨ | ૫૦૧૮૩<br>૫૦૧૮૪ | ૫૦૧૮૫<br>૫૦૧૮૨ | ૫૦૧૮૦ |
| ૨૦ | **શ્રી કિશોર કાનાણી (કુમાર)**<br>(આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ) | ૨/૨ | ૫૦૨૭૫<br>૫૧૯૭૭ | ૫૦૨૭૨<br>૫૦૨૭૩ | ૫૦૨૭૪ |

## મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગાંધીનગરમાં અદ્યતન ફૂડ રિસર્ચ લેબોરેટરીનો પ્રારંભ

### સસ્તા અનાજની દુકાનોના ૩.૮૪ કરોડ લાભાર્થીઓ- મધ્યાહ્‌ન ભોજન યોજનાના ૩૯ લાખ બાળકો- આંગણવાડીનાં ૬૫ લાખ ભૂલકાંઓને ક્વોલિટી ફૂડ ગ્રેઈન મળશે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા અન્વયે વિતરિત થતા અનાજ અને ખાદ્યપદાર્થોની ગુણવત્તા-ક્વોલિટી ઉચ્ચકક્ષાની મળી રહે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનું નવતર સોપાન ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના સહયોગથી ગાંધીનગરમાં રૂ.૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલી અદ્યતન ફૂડ રિસર્ચ લેબોરેટરીનો કાર્યારંભ કરાવ્યો હતો.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ ફૂડ રિસર્ચ લેબોરેટરી સ્ટેટ ઓફ ધ આર્ટ કક્ષાની બની રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું કે દેશનાં અન્ય રાજ્યો તેમજ વિદેશોમાંથી પણ આ ફૂડ રિસર્ચ લેબોરેટરીના નવતર પ્રયોગ પ્રત્યે જિજ્ઞાસા જાગી છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, રાજ્યમાં ૧૭ હજાર ઉપરાંત વાજબી ભાવની સસ્તા અનાજની દુકાનો પરથી રાહત દરે ખાદ્યાન્ન, તેલ, કઠોળ મેળવતા ૩.૮૪ કરોડ લાભાર્થીઓ તેમજ ૩૩ હજાર મધ્યાહ્‌ન ભોજન કેન્દ્રોના ૩૯ લાખ બાળકો અને ૫૩ હજાર આંગણવાડીના ૬૫ લાખ જેટલાં ભૂલકાંઓને શુદ્ધ-ગુણવત્તાયુક્ત અનાજ-કઠોળ-તેલ વગેરે મળી રહે તે માટે ક્વોલિટીમાં કોઈ જ કોમ્પ્રોમાઈઝ ન થાય અને ફૂડ રિસર્ચ લેબોરેટરીમાં ટેસ્ટ થયેલ પ્રમાણિત પુરવઠો જ મળે તેવો સરકારનો ધ્યેય રહ્યો છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જરૂરતમંદોને અપાતા ખાદ્યાન્નની ગુણવત્તામાં ભેળસેળ-હલકી કક્ષા સામે ઝીરો ટોલરન્સ માટે આ ફૂડ રિસર્ચ લેબોરેટરી એક સક્ષમ માધ્યમ બનશે તેવો દૃઢ વિશ્વાસ દર્શાવ્યો હતો. તેમણે સમગ્ર લેબોરેટરીના વિવિધ વિભાગોની પ્રત્યક્ષ મુલાકાત લઈ રજેરજની વિગતો મેળવી હતી.

અત્રે એ નિર્દેશ કરવો આવશ્યક છે કે, ગુજરાત નાગરિક પુરવઠા નિગમ દ્વારા અનાજની ગુણવત્તા હાઈક્વોલિટીની મળી રહે તેની ચોકસાઈ માટે ડાયરેક્ટરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ સાથે મળીને આ સ્ટેટ ઓફ ધ આર્ટ ફૂડ રિસર્ચ લેબોરેટરી શરૂ કરવા માટેના ૧૦ વર્ષના MoU થયા છે.

## ૨૬૬ મગફળી ખરીદ-કેન્દ્રો પરથી રાજ્ય સરકાર દ્વારા કુલ ૭૦ લાખ ક્વિંટલથી વધુ મગફળીની ખરીદી કરાઈ ૩.૬૧ લાખથી વધુ ખેડૂતોએ લાભ લીધો

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ખેડૂત હિતલક્ષી સરકાર દ્વારા રાજ્યના ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે લાભપાંચમ એટલે કે તા.૨૫ ઓક્ટોબર ૨૦૧૭થી મગફળીની ખરીદી કરવાનો પ્રારંભ કરાયો છે, જેમાં નિયત ટેકાના ભાવ પ્રતિ ક્વિંટલ રૂ.૪૪૫૦/- ઉપરાંત રાજ્ય સરકાર તરફથી પ્રતિ ક્વિંટલ રૂ.૫૦/-બોનસ આપવામાં આવે છે. આમ પ્રતિ ક્વિંટલ રૂ.૪૫૦૦/ના ભાવે ખેડૂતો પાસેથી મગફળી ખરીદવામાં આવે છે.

**મગફળી ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલાં કુલ ૨૬૬ કેન્દ્રો પરથી રાજ્યમાં તા. ૬ જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં કુલ ૭૦,૨૬,૦૩૬.૦૭ ક્વિંટલ મગફળીની ખરીદી કરવામાં આવી છે, જે ૩૫૧ લાખ મણ જેટલી થાય છે, જેની કિંમત રૂ.૩૧૬૧.૭૧ કરોડ થાય છે, જેનો કુલ ૩,૬૧,૫૧૬ ખેડૂતોએ લાભ લીધો છે.**

આ પૈકી મોરબી જિલ્લામાં હળવદ, મોરબી, ટંકારા અને વાંકાનેર ખાતે ખરીદ-કેન્દ્રો આવેલાં છે. જેમાં મોરબી જિલ્લામાં તા.૬/૧/૧૮ના રોજ રૂ. ૭૬૯૨.૮૦ લાખની કિંમતની કુલ ૧૭,૦૯૫૧.૨૦ ક્વિન્ટલ મગફળીની ખરીદી થઈ છે, જેનો કુલ ૮૨૬૬ ખેડૂતોએ લાભ લીધો છે, જેમાં મોરબી ખાતે આવેલ ખરીદ-કેન્દ્રની તા.૬/૧/૧૮ના રોજ ૨૩૬૫.૬૫ ક્વિંટલ મગફળીની ખરીદી થઈ છે, જેની અત્યાર સુધીમાં રૂ. ૯૩૦.૮૧ લાખની કિંમતની કુલ ૨૦,૬૮૪.૬૫ ક્વિંટલ મગફળીની ખરીદી થઈ છે, જેનો ૧૦૦૫ જેટલા ખેડૂતોએ લાભ લીધો છે. ઉપરાંત આ ખરીદ-કેન્દ્ર ઉપર તા. ૬ જાન્યુઆરી ૨૦૧૮ની સ્થિતિએ ૨૫,૮૮૭ બારદાનનો જથ્થો ઉપલબ્ધ છે. તદ્‌ઉપરાંત ટંકારા ખાતેનાં બે ખરીદ-કેન્દ્રોની તા. ૬ જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં કુલ રૂ.૩૬૭૪.૮૪ લાખની કિંમતની કુલ ૮૧,૬૬૩.૦૫ ક્વિંટલ મગફળીની ખરીદી કરાઈ છે, જેનો કુલ ૪૦૪૨ ખેડૂતોએ લાભ લીધો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટંકારામાં APMC ના સબયાર્ડના અભાવે ખરીદ-કેન્દ્ર બંધ થવાના કારણે ટંકારાના ખેડૂત મિત્રોની મગફળી મોરબી ખાતેના ખરીદ-કેન્દ્ર પરથી કરવામાં આવી રહી છે. જોકે ટેકાના ભાવે મગફળીની ખરીદી બંધ કરવામાં આવી નથી, પરંતુ ટેકાના ભાવે મગફળીની ખરીદી રાજ્ય નોડલ એજન્સીઓ મારફત કરવામાં આવી રહી છે, જેમાં ખરીદેલી મગફળી ખરીદ-કેન્દ્ર પરથી ગોડાઉન પર મોકલવાની વ્યવસ્થા ખરીદ સંસ્થાઓ મારફતે કરવામાં આવે છે. આથી મગફળી ગોડાઉન પર મોકલવાની વ્યવસ્થા ખેડૂત ભાઈઓએ કરવાની રહેતી નથી, જેથી ખેડૂતોએ આ બાબતે કોઈપણ પ્રકારનો ખર્ચ કરવાનો રહેતો નથી.

વધુમાં ટેકાના ભાવે મગફળી ખરીદી માટે બારદાન તથા અન્ય આનુષંગિક વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં કરવામાં આવી છે, ઉપરાંત રાજ્ય સરકારની કક્ષાએથી કૃષિ વિભાગના અગ્ર સચિવ દ્વારા રાજ્યમાં ટેકાના ભાવે મગફળીની ખરીદીનું દૈનિક ધોરણે સતત મોનીટરિંગ કરવામાં આવી રહ્યું છે.

## રાજકોટ ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું અદકેરું સ્વાગત










REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની
## વિશેષ ઉપસ્થિતિમાં દેશભરમાં યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસવીરો




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.